

# અધ્યાત્મ

વર્ષ : ૭   અંક : ૧૨   સપ્ટેમ્બર : ૧૯૮૬

## * લવાજમ તુરતજ મોકલાવો *

અધ્યાત્મના ગ્રાહકોને વિનંતી કે જેઓનું લવાજમ ઓક્ટો. '૮૬માં પૂરું થતું હોય તેઓએ તુરત લવાજમના રૂા. ૧૫ M.oથી તંત્રીને મોકલાવી આપવા.

પરદેશના ગ્રાહકો પણ તેઓનાં લવાજમ સવેળા મોકલે, એવી વિનંતી છે.

## * સદ્‌ભાવભરી ભેટ *

'અધ્યાત્મ માસિક પ્રતિ સદ્‌ભાવરી ભેટોનો સ્રોત પ. પૂ. ગુરૂદેવ તેમજ પૂ.માની કૃપાથી વહેતો રહે છે. એ સહાયને લીધેજ આજના મોંઘવારીના જમાનામાં લવાજમના દરમાં વધારો કર્યા સિવાય ટકી શકવા શક્તિમાન થયું છે. એથી સહુ સહાય કરનારાઓને અભિનંદન.

રૂા.
૫૧. એક વડોદરાના સાધક તરફથી.
૨૧. ચિ. સરોજ પાસ થતાં મોરબીના શ્રી મોહનભાઇ ડી. ચૌહાણ તરફથી.
૨૧ શ્રી સુરેશ શાંતિલાલ જપી, મુંબઈ ચિ. અજીત એસ. એસ. સી પાસ થતાં.
૨૧. શ્રી સુરેશ શાંતિલાલ જપી, મુમ્બઈ, ચિ. અજયને નોકરી મળતાં.
૨૫૧. પૂ માતાજી નર્મદાબાઇના સ્મરણાર્થે જાની હરિચંદ્ર હરજીવનદાસ તરફથી.
૧૧. વીણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત.
૧૧. ઠાકોરભાઇ જી. દેસાઈ, સુરત.
૨૫. શ્રી કિરણબેન જોષી, મુંબઇ.
૧૦ એક સાધક તરફથી.
૨૧. શ્રી યોગેશ્વરી પરેશકુમાર ઠાકોર, સુરત, વર્ષગાંઠ નિમિત્તે.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૭ અંક : ૧૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર-૧


## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| આત્મસ્થિતિ | યોગેશ્વરજી | ૩ |
| અધ્યાત્મની યાત્રાનાં સાત સોપાન | તંત્રી | ૫ |
| અધ્યાત્મનું મહાપર્વ એટલે પંદરમી ઓગસ્ટ | રાજેન્દ્ર જાની | ૭ |
| ચૈતન્ય સાગર | ગોરધનભાઇ કલોલા | ૧૦ |
| પ. પૂ. યોગેશ્વરજીનો પરિચય કેમ પામ્યા ? | ઈશ્વરભાઇ પરમાર્થી | ૧૫ |
| મૃત્યુ સમયે...! | પ્રાગજી ડોસા | ૧૭ |
| પ. પૂ. યોગેશ્વરજી પાસેથી હું શું શીખ્યો ? | ભૂપતભાઇ દેસાઇ | ૨૦ |
| ભગવા રંગની ભવ્યતા | ભૂપતરાય ઠાકર | ૨૫ |
| પ્રભુ–કૃપા | મમતા ભાટિયા | ૨૮ |
| ગુરુકૃપા | કમલ સુથાર | ૩૧ |
| તીસાજંત્ર | મુકત જીવનદાસજી સાહેબ | ૩૪ |
| શામળિયે સામે જોયુ ! | જગદીશચંદ્ર આચાર્ય | ૩૯ |
| પ્રત્યાઘાત | દારા ભેસાણીયા | ૪૦ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૪૨ |
| આસક્તિ અને પ્રીતિ | ઈશ્વરભાઇ શાહ | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૭ સપ્ટેમ્બર-૧૯૮૬ અંક : ૧૨


## આત્મસ્થિતિ

ભગવાન બુદ્ધ એકાંત અરણ્યમાંથી આગળ વધી રહેલા. એમની પાછળ પડેલા એ અરણ્યમાં વસતા દસ્યુ શ્રેષ્ઠ અંગુલિમાલે એમને જોઇને બૂમ પાડી, 'બુદ્ધ ઊભો રહે.' ભગવાન બુદ્ધે શાંતિ તથા સ્વસ્થતાપૂર્વક પ્રત્યુત્તર પૂરો પાડ્યો કે "હું તો ઊભોજ છું. તારે ઊભા રહેવાનું છે."

અંગુલિમાલે પુનઃ એવું જ કહ્યું ને બુદ્ધે એવા જ ઉદ્‌ગાર કાઢ્યા, ત્યારે અંગુલિમાલને અતિશય આશ્ચર્ય થયું. બુદ્ધની આગળ આવીને એણે પૂછ્યું કે તમે અસત્ય ભાષણ કરો છો. બુદ્ધે કહ્યું, 'બુદ્ધ કદી અસત્ય ભાષણ નથી કરતો. અસત્ય ભાષણ કરે તેને બુદ્ધ ના કહેવાય.'

'તો પછી તમે તો ચાલો છો તો પણ કહો છો કે હું ઉભો છું. તે કેવી રીતે?"

બુદ્ધ બોલ્યા : મારું શરીર ચાલે છે, પરંતુ મન નથી ચાલતું. સ્થિર છે. બોધિપ્રાપ્તિ પછી એણે વિષયોના વનમાં વિહરવાનું કે પવન લહરથી હાલતી દીપશિખાની જેમ ચલાયમાન બનવાનું છોડી દીધું છે. તું હજી વિષયોમાં, વિકારોમાં, વાસનામાં ફર્યા કરે છે. તારે તારી અંદર સ્થિતિ કરવાની બાકી છે.

ભગવાન બુદ્ધના એ શબ્દો ખૂબ જ પ્રેરક તથા જીવનોપયોગી સંદેશથી સભર છે. માનવનું મન મોટે ભાગે બહિર્મુખ બનીને ભટક્યા કરે છે. અસ્વસ્થ અને અશાંત બને છે. પદાર્થો, વિષયો, પ્રસંગો અને પરિસ્થિતિઓ એના પર પોતપોતાના સાનુકૂળ–પ્રતિકૂળ સંમિશ્રિત પ્રભાવો પાડ્યા જ કરે છે. માનવ વાસના, વિકાર, સ્વાર્થ, અહં મમ અને આસક્તિનો દાસ બનીને અવનીમાં અટવાય છે. એણે આત્મસ્થ થવાની, પોતાની અંદરની દુનિયામાં ડૂબકી મારીને, નિર્વિકાર નિર્વાસનિક અવસ્થામાં આસીન થવાની પ્રજ્ઞાસ્વરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનો પરિચય સાધી, પ્રેમ જગાવી, એમની સાથે અનુસંધાન સાધવાની આવશ્યકતા છે. માનવે બુદ્ધ બનવાનું છે. એટલે કે વિષયોના વાસનાયુક્ત અવિદ્યાજન્ય જગતમાંથી જાગીને આત્માના આ લોકમાં પદાર્પણ કરવાનું છે. એવા પદાર્પણ પછી શરીર સંસારમાં રહેશે, વિરોધાભાસી વાતાવરણમાં કે વ્યવહારમાં રહેશે તો પણ મન ચંચળ નહિ બને, વિદ્રોહ નહિ કરે, અશાંત નહિ બને. આત્મામાં સ્થિતિ રહેશે. જીવનના પરમ લક્ષ્યનું કદી વિસ્મરણ નહિ થાય. જૈસે નાવ ફિરે ચારો દિશ, ધ્રુવતારા પર રહત નિશાની"ની જેમ એના ચિત્તની વૃત્તિ, એની અસ્મિતા, પરમાત્માભિમુખ બનીને પરમાત્મા પ્રત્યે જ પ્રવાહિત થશે. આંખ જોશે છતાં નહિ જુએ. એટલે કે પરમાત્માને જ જોશે. કાન સાંભળશે તોપણ નહિ સાંભળે. શરીર, મન, ઇંદ્રિયો કાર્ય કરશે તોપણ અંતરાત્મા એથી અલિપ્ત રહેશે.

પળેપળે ચંચળ ચાલે ચાલતા માનવને આત્માની અંદર સ્થિતિ કરવાની, ગીતાની પરિભાષામાં સ્થિતપ્રજ્ઞ બનવાની, ઊભા રહેવાની, આવશ્યકતા છે. બીજું બધું જ ચાલતું હોય પરંતુ એની વચ્ચે માનવ અડગ રીતે ઊભો રહેતો હોય, આત્મસ્થ રહેતો હોય, એથી અધિક કલ્યાણ કારક શું હોઈ શકે?

યોગેશ્વર



# અધ્યાત્મની યાત્રાનાં સાત સોપાન

—તંત્રી

'અધ્યાત્મ' માસિક સપ્ટેમ્બર, '૮૬માં એનાં સાત વર્ષ પૂરાં કરે છે. એક માસિકના સંચાલનમાં આ ગાળો બહુ મોટો ન કહેવાય, છતાં તે એકધારી રીતે ચાલતું રહ્યું છે. તેમાં પ. પૂ. ગુરૂદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની શક્તિએજ કામ કર્યું છે, એ અમારે સ્વીકારવું જોઈએ.

અમારો એ દાવો નથી કે અમારૂં આ માસિક ઉચ્ચ સાહિત્યિક કક્ષાનું છે. એમાં સાહિત્યનો આશ્રય જરૂર છે, પરંતુ એનો પ્રધાન સૂર આધ્યાત્મિકતા છે. જીવનને ઉર્ધ્વ ને સત્યપથ ગામી બનાવવામાં સહાયરૂપ એવી વાતોની એમાં રજુઆત છે; ધર્મનાં મૂળભૂત તત્ત્વોની એમાં ચર્ચા છે અને કોઈપણ ધાર્મિક વાડા કે સંપ્રદાયોના સીમાડાઓમાં બંધાયા સિવાય-સમગ્ર વિશ્વમાં જે જે કંઈ સારૂ છે તે અમને અમારી મર્યાદામાં સ્વીકાર્ય છે. મર્યાદા એટલા માટે કે ૬૪ પાનાની નિશ્ચિત પૃષ્ઠ સંખ્યામાં સમાવી શકાય એટલુંજ અમે લઈ શકીએ.

પ. પૂ. ગુરુદેવ અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધા-ભક્તિ ધરાવતા ભારત અને પરદેશોમાં વસતા સાધક અને વિશાળ વાંચક વર્ગે અમને જો સારી રીતે પ્રોત્સાહિત ન કર્યા હોત, તો અમારૂં માસિક ચલાવવાનું કાર્ય સરળ ન બનત. આજે ભારતમાં કોઈપણ ચીજના ભાવ દિનપ્રતિદિન વધવા તરફજ છે, તે સમયમાં છેલ્લાં છ વર્ષોથી માત્ર રૂા. ૧૫/–ના વાર્ષિક લવાજમમાં માસિક ચલાવવું ઘણું મુશ્કેલ છે. છતાં એ ચાલ્યું છે, એ હકીકત છે. તેની અંદર સદ્‌ભાવ-

ભરી ભેટનો ફાળો ઘણો મોટો છે. જોકે ૧૯૮૫–૮૬ના વર્ષમાં માસિકને લગભગ રૂા. ૮૦૦૦/– જેટલી ખોટ ગઈ છે, તેને આગળનાં વર્ષોના વધારામાંથી સરભર કરવામાં આવી છે. ચાલુ વર્ષે આવી ખોટ નહિ આવે એવી આશા છે.

બીજી મહત્ત્વની વાત આ માસિક પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ સંસ્થાપેલ છે અને આજે પ. પૂ. માશ્રી સર્વેશ્વરી એમનાં ઉત્તરાધિકારી છે આથી માસિકનો પ્રધાન ઉદ્દેશ પૂ. શ્રી તેમજ પૂ. માના જીવન સંદેશ અને સાધનાત્મક અનુભવો તેમજ પ્રવૃત્તિઓના પ્રચાર માટે છે, એટલે એ મુખ્ય ઉદ્દેશને લક્ષમાં રાખી, અમે લેખોની પસંદગી કરીએ છીએ. સંભવ છે એનાથી બધાંને સંતોષ ન પણ થતો હોય; તો ક્ષમા કરે.

માસિકના વ્યવસ્થિત સંચાલનમાં પ્રેસનો ફાળો મહત્ત્વનો રહે છે. અમારે ભારપૂર્વક કહેવું જોઈએ કે રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસના ભગવત્પ્રેમી ભાઈઓના સુંદર સહકાર વગર અમારૂં કામ મુશ્કેલ બની જાત. એટલે આ તબક્કે એમનો ઋણ સ્વીકાર કર્યા સિવાય રહી શકતા નથી. તંત્રી

## જાહેર ખબરના દર

અધ્યાત્મના જાહેર ખબરના દર એપ્રિલ, '૮૬થી નીચે પ્રમાણે છેઃ–

| | |
|---|---|
| અંદરનું આખું પાનું | રૂા. ૨૦૦ |
| ,, અડધું ,, | રૂા. ૧૦૦ |
| ટાઇટલ બે અને ત્રણ | રૂા. ૨૫૦ |
| બે કલરમાં ટાઇટલ ૪ | રૂા. ૩૫૦ |



# અધ્યાત્માનું મહાપર્વ એટલે પંદરમી ઓગસ્ટ.

રાજેન્દ્ર જાની

પંદરમી ઓગસ્ટ એ ભારતની આઝાદીનું રાષ્ટ્રીય પર્વ ખરૂં, પરંતુ અધ્યાત્મના પરિવારનું એ મહાપર્વ, કારણ કે પ. પૂ. શ્રી યોગેશ્વરજીનો આ પૃથ્વી પરનો પ્રાકટ્યદિન.

૧૯૮૬ની પંદરમી ઓગસ્ટની આગલી સંધ્યા એટલે પૂ. શ્રી યોગેશ્વરજીએ પોતાના હાથે સ્થાપેલ સત્યપથના આવાસમાં તેઓની પ્રતિકૃતિની આરસના મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાનું મહાપર્વ. ત્રણેક માસ પહેલાં જેની કલ્પના પણ નહોતી કરાઇ તેવા સુંદર સફેદ આરસમાં કોતરેલ કમળના પુષ્પ પરની બેઠક રૂપિયા વીસેક હજારના ખર્ચે પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તૈયાર કરાવી અને શાસ્ત્રોક્ત વિધિથી પ્રખર જ્યોતિષી અને અગ્નિહોત્રી શ્રી કપિલદેવ શર્મા અને સંસ્કૃતના પ્રકાંડ પંડિત શ્રી ભગવતીકુમાર શર્માની દોરવણી નીચે આ પ્રાણપ્રતિષ્ઠા આરંભાઈ, ત્યારે સત્યપથનો પૂ. શ્રી નો આવાસ ખરેખર એક તીર્થના સ્વરૂપમાં પરિવર્તન પામ્યાની પ્રતીતિ સમગ્ર ભક્ત સમુદાયને થઇ.

અંબાજીના સ્વર્ગારોહણ તીર્થની જેમ અમદાવાદના આંગણે સત્યપથનું નવું તીર્થ આકાર પામ્યું.

આ પ્રસંગે સમગ્ર ગુજરાત તેમજ બહારથી આવેલ વિશાળ ભક્ત સમુદાયે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સકલ એપાર્ટમેન્ટના એ સુશોભિત મંડપને પૂ. શ્રીની ધૂન અને જયકારથી ગજાવી મૂકયું.

આ માંગલિક પ્રસંગે સર્વધર્મો પ્રત્યે સદાય આદરની

દૃષ્ટિથી જોનાર મા શ્રી સર્વેશ્વરજીએ જૈન લોકોમાં ખૂબ પવિત્ર અને ઉત્તમ મનાતી સ્નાત્રપૂજા પણ ભણાવી. આ પૂજાનું આયોજન શ્રી રમણિકભાઈ શાહે સરસ રીતે કર્યું અને પૂ. શ્રીના અનન્ય ભકત શ્રી જે. વી. શાહે આ પૂજાવિધિ કરી.

આપણા રોજીંદા જીવનમાં ગીતાનું અધ્યયન આવશ્યક છે. પૂ.શ્રી યોગેશ્વરજી એ માનતા અને ગીતાપાઠ એમનો નિત્યક્રમ હતો. આથી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ શ્રી યોગેશ્વરજી રચિત સરળગીતાની પોતાના હસ્તાક્ષરોવાળી નકલો ઉપસ્થિત ભકતોને રોજ પાઠ કરવા પ્રસાદીરૂપે આપી.

રાજકીય આઝાદીની પ્રાપ્તિની યાદમાં ઉજવાતી પંદરમી ઓગસ્ટની જેમ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિવાર માટે આધ્યાત્મિક પ્રેરણાનું પર્વ બની રહે તે રીતે આ વર્ષે પણ ઉજવણી થઈ. શ્રી મધુરીબેન શાહ સાંસ્કૃતિક હૉલ ખાતે સવારની પ્રાર્થના અને ધ્યાનની બેઠકથી એનો પ્રારંભ થયો. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં ષોડશોપચાર વિધિથી પૂ.શ્રી યોગેશ્વરજીની પ્રતિકૃતિની પૂજા થઇ. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ૮૮૦ ઉપવાસો—અને તેમાંય છેલ્લા પંદર દિવસ તો કેવળ પાણી પરના હોવા છતાં-તેઓએ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખૂબ પ્રેમપૂર્વક કુશળતાથી કર્યું તે જોઈને સમગ્ર ભકત સમુદાયને આશ્ચર્ય થયું. શરીર દુબળું હોવા છતાંય પૂ.માની મુખાકૃતિ ખૂબ ભવ્ય અને દિવ્ય લાગતી અને તેઓશ્રીની વાણીમાં ઓજસ અને શકિતનો સ્રોત વહેતો સંભળાતો. કેવળ ભૌતિકતામાં રાચતા આજના યુગના માનવને તપ, તિતિક્ષા, મનોનિગ્રહ ને આત્મબળ કેવાં અદ્‌ભુત હોઈ શકે તેનું પ્રત્યક્ષદર્શન અહીં પૂ.મા માં થયું.

આ પ્રસંગે પૂ.મા શ્રી સર્વેશ્વરીએ જુદા જુદા કેન્દ્રોના કાર્યકરોને પૂ.શ્રી સાથેના તેઓનાં સંસ્મરણોની વાતો કહેવા પ્રોત્સાહિત કર્યા.



શ્રી બાબુભાઈ વોરા માંદગીમાંથી ઉઠ્યા હોવા છતાં તેઓએ જે ઉત્સાહ અને જોમથી આ કાર્યક્રમનું આયોજન કર્યું તે જોઈને સહુને પૂ. શ્રી યોગેશ્વરજીનો તેઓ માટેનો શબ્દ પ્રયોગ-વૃદ્ધ યુવાનની પ્રતીતિ થઈ. બપોરના ભોજનની સ્વાદિષ્ટતામાં અમદાવાદના ભાઈબહેનોની સરભરાની સદ્‌ભાવનાની મીઠાશ ભળવાથી તે યાદગાર બની ગયું.

ભોજન પછીનું ભજન થોડુંક કષ્ટદાયક લાગે તેવી મીઠી ટકોર સાથે બપોર પછીની બેઠકમાં પૂ.માએ સર્વમંગલ ટ્રસ્ટની અને પૂ.શ્રીના કાર્યક્રમને આગળ ધપાવવા થતી પ્રવૃત્તિઓની વાતો કરી. શ્રી ચંપકભાઇ શાહે અધ્યાત્મ માસિકના વિકાસમાં યથાશકિત ફાળો આપવા યુવકોને હાકલ કરી.

લોક ગાયક શ્રી ભીખુદાન ગઢવીએ ધર્મના આચરણની વાતો સુંદર ઉદાહરણો સાથે સાધકોને સૌરાષ્ટ્રની રોચક શૈલીમાં કહી. પ. પૂ. શ્રી યોગેશ્વરજીના આધ્યાત્મિક વિચારોને કેન્દ્રમાં રાખી, આત્મવિકાસના માર્ગે આગળ વધવાની, તેમજ જીવનમાં બનતા અવનવા પ્રસંગોને તટસ્થભાવે નિરખી, તેમને યોગ્ય રીતે મુલવવાની માર્મિક વાતો દૃષ્ટાંત કથાઓના ઉદાહરણો સાથે સમજાવી. અન્તમાં પૂ.મા માં તેઓને થયેલ એક અદ્‌ભૂત સંતના દર્શન અને તેઓમાંથી પ્રકટતી દિવ્યતાની વાત પણ તેઓએ કરી. એક લોક કલાકારનું પ્રથમ દર્શનેજ પૂ. મા-પ્રભુ પ્રત્યેનું આવું આકર્ષણ સહુની શ્રદ્ધાને બળવત્તર બનાવનારૂ બની રહ્યું.

કાયક્રર્મની પૂર્ણાહુતિ શ્રી ગોરધનભાઈ કલોલાના કીર્તન તેમજ શ્રી સુરેશભાઇ અને જયશ્રીબેનનાં ભજનો ને ધૂનથી થઇ. તેણે સહુને પ્રભુના સંકીર્તનના રસમાં એવા તો તરબોળ કરી દીધા કે એનું સંસ્મરણ એમના જીવનનું સંભારણું બની રહેશે.

# ચૈતન્ય સાગર

ગોરધનભાઇ કલોલા

અમારી યાત્રાનું લક્ષ્ય ભગવાન જગન્નાથજીના દર્શનનું હતું. પળેપળ પૂ. માના સાન્નિધ્યમાં યાત્રાનો આત્મિક આનંદ માણતા આજે સવારે જગન્નાથપુરી પહોંચ્યા. ઉતારામાં પ્રાતઃકર્મથી પરવારી સવારે નવ વાગ્યે જગન્નાથપ્રભુના દર્શને ગયા. મંદિરમાં પ્રવેશતાંજ ભગવાનના દર્શનથી પ્રસન્નતા પ્રસન્નતા વ્યાપી ગઈ. યાત્રાની પૂર્ણતાનો સંતોષ સૌએ અનુભવ્યો. દર્શનનો આનંદ તો ભગવાન જગન્નાથજીનોજ ! અહીં ભગવાન એટલા મોટા વિશાળ સ્વરૂપમાં બિરાજ્યા છે કે ગમે તેવી માણસોની ભીડ વચ્ચે પણ મંદિરના દૂરના ભાગમાંથી પણ શાંતિપૂર્વક દર્શનનો સંતોષ માણી શકીએ. ભારતના બીજા મંદિરો કરતાં અહીં જગન્નાથપ્રભુ યાત્રિકોને સુંદર દર્શનસુખ આપી યાત્રા સફળ બનાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રાની કાષ્ટની મૂર્તિઓ પરંપરાથી પૂજાય છે.

પૂ. મા મંદિરના ગર્ભદ્વારમાં જઇ જગન્નાથપ્રભુના ચરણકમળોમાં કૃતાર્થતા અનુભવી મસ્તક નમાવે છે. દર્શન કરી બહાર આવી સૌ મંદિરની પ્રદક્ષિણા કરે છે. પૂ. માએ કહ્યુ કે હવે યાત્રા પૂરી થઇ. પૂ. મા સંતોષ અને કૃતાર્થતા અનુભવી રહ્યાં હતાં, કારણકે પૂ. મા ત્રીશેક યાત્રિકોનો સંઘ લઇને નીકળ્યાં હતાં. બધાની જવાબદારી તેઓના શિરે હતી. મંદિરના વિશાળ પટાંગણમાં બીરાજતાં પૂ. મા બોલ્યાં "હે પ્રભુ ! તારો ખૂબ ખૂબ આભાર, તમે અમારી યાત્રા નિર્વિઘ્ને પૂરી કરી." ધન્યતા અનુભવતા પૂ. માનું અંતર ગુરુદેવપ્રભુને



અર્ઘ્ય આપી રહ્યું.

ધન્ય ધન્ય ગુરૂદેવપ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું.

સહાયક બની સાથે રહ્યો, બિરૂદ સ્વજનનું સત્ય કર્યું.

ગુરુદેવપ્રભુની કૃપા સરિતામાં સ્નાન કરતાં કરતાં મંદિરના પ્રાંગણમાં સૌ હરિકીર્તનમાં મસ્ત બની ગયા. હરિરસની હેલી પૂ. માના અંતરમાંથી વરસતી જ રહે છેઃ-

શ્રીકૃષ્ણ ચૈતન્ય પ્રભુ નિત્યાનંદ

હરે કૃષ્ણ, હરે રામ, રાધે ગોવિંદ બોલો.

મધ્યાહ્ન સુધી પટાંગણમાં બેસી જગન્નાથપ્રભુનું કીર્તન કરી યાત્રાની સફળતાનો આનંદ તથા ભગવાન શ્રી જગન્નાથજીના શ્રી ચરણોમાં કૃતાર્થભાવ વ્યકત કરતા રહ્યા.

જગન્નાથપુરી ભારતના ચાર પ્રસિદ્ધ યાત્રાધામોમાંનું એક છે. મંદિર ખૂબ વિશાળ અને ભવ્ય છે. મંદિરનું બાંધકામ જોતાં સૈકાઓ પહેલાં તેનું સર્જન થયું હશે તેમ તેનું પ્રાચીન બાંધકામ સાક્ષી પૂરે છે. સર્જનના મૂળ સુધી પહોંચી શકાય તેવો તેનો ઉજ્જવળ ઈતિહાસ આજે ઉપલબ્ધ નથી. પરંતુ એક વાત નિર્વિવાદ છે કે આવા ભવ્ય મંદિરોનું સર્જન પરમાત્મા પ્રત્યેની કેવી અસીમ શ્રદ્ધા અને પ્રેમભકિતમાંથી પકટ્યું હશે ! માનવ હ્રદયમાં રહેલી અખૂટ શ્રદ્ધાભકિતનું મૂર્તિમંત સ્વરૂપ એટલે પ્રભુના આવાં પ્રેરણાધામો. પૂ.માએ કહ્યું "આપણે જ્યારે પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરીએ ત્યારે આવા મહિમાવંત તીર્થસ્થાનોના પાયામાં કેવી અસીમ શ્રદ્ધાભકિત સિંચાયેલી હશે તેનો પણ વિચાર કરવો જોઇએ. કેટલી અગાધ અને અડગ હશે એ શ્રદ્ધાભકિત ! એતો એના સર્જનમાં જેમણે ભાગ લીધો હોય તે જ જાણે ? શબ્દો એ શ્રદ્ધા માપી શકે નહીં." પૂ.મા સ્વર્ગારોહણ તીર્થ અંબાજી-

માં નવસર્જન પામેલી કુટીયા ને યાદ કરે છે. એ નાનકડી કુટીયા પાછળ પણ ભકતોની કેવી શ્રદ્ધા અને પુરુષાર્થ રહેલો છે! તીર્થસ્થાનોનું દર્શન હૃદયગુહામાં ઢંકાયેલા પ્રભુપ્રેમના સંસ્કારોને પ્રજ્વલિત કરે છે, તેમાં ચેતન જાગે છે અને યાત્રા મંઝીલ તરફ આગળ વધે છે.

'જગન્નાથપ્રભુના શ્રીચરણોમાં બેસી સૌ શ્રદ્ધાળુઓ ભકિતભાથુ બાંધે છે. જગન્નાથપ્રભુના મહિમાવંત પ્રસાદને સૌ ગ્રહણ કરે છે. મંદિરના પ્રાંગણમાં બેસી પ્રભુનામ સંકીર્તનની ધૂન મચાવી પૂ.મા યાત્રિકોમાં શ્રદ્ધાભકિતના સંસ્કારોને દૃઢ બનાવે છે. પૂ. માને તો આવી યાત્રાઓ કરવાની કયાં જરૂર છે? તેઓ તો તપ:પૂત, તપોધન જ્યોતિર્ધરોમાંનાં એક છે. તેમ છતાં અતિ પરિશ્રમ કરી તીર્થસ્થાનોના મહિમાને અધિક મહિમાવંત કરે છે. તીર્થસ્થાનોની યાત્રાની ઉજ્જવળ પરંપરાને યાત્રાઓ કરી વધુને વધુ ઉજ્જવળ કરી રહ્યાં છે. માની પરમકૃપાથીજ આવી વિરલ યાત્રાનો લ્હાવો મળ્યો છે. એવી કૃતાર્થતા વ્યકત કરતા સૌ જંગમ તીર્થ સમાં પૂ.-માના શ્રીચરણોમાં પ્રણામ કરે છે.

સમુદ્રદેવ અહીં ભગવાન જગન્નાથજીના પગ પખાળે છે. બપોર પછી ચાર વાગ્યે પૂ. મા સાથે અમે સૌ સમુદ્રદેવના દર્શને ગયા. સમુદ્રદેવનું દર્શન જ આહ્‌લાદક છે! વિરાટરૂપે પરમાત્મા જાણે સાક્ષાત્ બિરાજી રહ્યા છે! ઉપર ગગન વિરાટ નીચે મહાસાગર વિશાળ, તો પછી માનવ શા માટે વામન રહે! મહાસાગરનું દર્શન આપણને વિશાળ થવાની, વધુ ઉદાર થવાની પ્રેરણા આપે છે. ચાલો, આપણે સૌ પણ જગન્નાથજીના પવિત્ર સમુદ્રકિનારે પૂ. માની વિરાટ વિભુતિનું દર્શન કરી પ્રેરણા મેળવીએ.



દરિયાદેવના દર્શનથી અમે સૌ પ્રસન્નતાથી ભરાઇ ગયા છીએ, પુ. મા સાથે રેતીમાં ચાલતા ચાલતા એક જગ્યાએ સાગરના ઘુઘવતા મોજાઓની સાન્નિધ્યે અમે આનંદથી બેઠા. અમે જ્યાં બેઠા હતા ત્યાં સમુદ્રના મોજાઓ પહોંચતાં ન હતાં. પૂ. મા સમુદ્રતરફ મુખારવિંદ રાખી બિરાજ્યાં. અમે સૌ પૂ. મા સામે સમુદ્રતરફ પીઠ રાખી આસપાસ ગોઠવાયા.

પૂ. મા કાગળની એક ચબરખીમાં કંઇક લખે છે, પાસે બેઠેલાં બે બહેનોને તે વંચાવે છે પણ તે ચબરખી ડાયરીમાં રાખી થેલીમાં મૂકે છે. આદેશ થતાં વિજયભાઇ પુરોહિત "દિલાદે ભીખ દર્શન કી, પ્રભુ તેરા ભિખારી હું" ગાય છે. સૌ ભાવવાહી કંઠે પ્રાર્થના ગાઇ રહ્યા છે. પૂ. મા સહજ અંતરમુખ બની ગયાં છે. આંખો બંધ છે. મુખપર બાલસહજ નિર્દોષભાવ રમી રહ્યો છે, અંતરમુખતાને લીધે કોઇ ભકતે પહેરાવેલી મોગરાની માળા કંઠપ્રદેશમાં શોભી રહી છે, ધન્યતા અનુભવાય તેવું પાવનકારી દર્શન સૌ પામી રહ્યા છે. પ્રાર્થના પૂરી થતાં પૂ. મા વિષ્ણુસહસ્રનામનો પાઠ શરૂ કરે છે. ભક્તમંડળ સૌ સાથે સમૂહમાં પાઠ કરવામાં તલ્લીન બન્યા છે.

પૂ. મા એ સમુદ્રના પવિત્રતટે આવતાં રસ્તામાંથી પુષ્પો તથા પુષ્પહાર સાથે લીધા છે. દરિયાદેવને અર્ઘ્ય અર્પણ કરવા પુષ્પાંજલિ સન્મુખ ધરેલી છે. અમારી મંડળી ભાવપૂર્વક વિષ્ણુસહસ્રનામનો પાઠ કરી રહી છે. પાસેથી પસાર થતા લોકો કંઇક જિજ્ઞાસાથી નિહાળી રહ્યા છે. પાઠ ચાલુ હતો ત્યારે સમુદ્રદેવ જાણે ધીમે ધીમે અમારી નજીક સરકી રહ્યા હોય તેમ લાગ્યું. અમે સૌ સમુદ્રનજીક બેઠા હતા. પાઠ ચાલુ હતો તે દરમ્યાન સમુદ્રદેવને પણ જાણે વિષ્ણુભગવાનના પવિત્ર નામસ્મરણમાં સામેલ થવું હોય તેમ

અમારી વચ્ચે સુધી આવવા લાગ્યા. અમે હવે સૌ સમુદ્ર-દેવના પ્રેમવારિથી તરબોળ થતા જતા હતા. અમે સૌ મોજાઓથી ભીંજાયા છતાં અમારી જગ્યાએજ બેસીને પાઠ ચાલુજ રાખ્યો. આસપાસ ઉભેલા માણસો અમને ત્યાંથી ખસી જવા સલાહ આપવા લાગ્યા. પૂ. મા સામે અમે જોયું, પરંતુ તેઓ દૃઢ સંકલ્પ હોય તેમ લાગ્યું. મોજાઓની વારિવર્ષા વચ્ચે પણ પાઠ ચાલુજ રહે છે. સમુદ્ર તરફ બેઠેલા અમે સૌ હવે પલળી ગયા હતા. સમુદ્રદેવ પોતાના મોજારૂપી હાથથી પૂ. માના ચરણસ્પર્શ કરવા અધીરા બની ગયા છે. અમે વિષ્ણુ-સહસ્રનામના છાસઠમો શ્લોક પૂરો કરીએ છીએ. બરાબર સડસઠમો શ્લોક ઉચ્ચારતાંજ દરિયાદેવ પૂ. માનો ચરણસ્પર્શ કરી પૂ. માએ ભાવપૂર્વક ધરેલી પુષ્પાંજલિ પ્રેમપૂર્વક સ્વીકારી ધન્યતા અનુભવે છે. અમે સૌ સાગરમહારાજને મોજાઓ-રૂપી હથેલીમાં પુષ્પાંજલિ સ્વીકારતા જોઈ રહ્યા છીએ. અમારા હાથમાં પાઠની પુસ્તિકાઓ રહી ગઈ અને આ વિરલ ભાવદર્શન જોઇ અમારું હૃદય "યોગેશ્વર ભગવાન કી જય" ના જયઘોષથી ઉછળી પડે છે. અમે બધા ભાવવિભોર બની નાચવા લાગ્યા. પરંતુ પૂ. માનો આદેશ થતાં પાઠ ચાલુ રાખીએ છીએ. પૂ. માનો સંકલ્પ હજુ પરિપૂર્ણ થયો ન હોય તેમ લાગ્યું. પૂ. મા વિષ્ણુસહસ્રનામનો પાઠ પૂર્ણ કરવા ઇચ્છતાં હતાં. પરંતુ સમુદ્રદેવ આટલી ધીરજ ધરી શકે તેમ ન હતા. ચૈતન્યસાગરદેવ પૂ. માના પૂર્ણ સંકલ્પને જાણી ગયા હોય તેમ તે પરિપૂર્ણકરવા એક મોટા મોજાના સ્વરૂપમાં ઘુઘવાટા કરતા હાસ્ય સાથે આતુરતા પૂર્વક પૂ. માના આસનની ચારે તરફ ફરી વળે છે. પૂ. મા સમુદ્રદેવની પ્રેમાંજલિ સ્વીકારવા હજુ તો અડધા ઉભાં થયાં ત્યાં તો પૂ. માના શ્રી વિગ્રહને

( અનુસંધાન પાના ૫૧ ઉપર )



# ૫. પૂ. યોગેશ્વરજીનો પરિચય કેમ પામ્યા ?

ઈશ્વરભાઇ પરમાર્થી

[તા. ૨૨–૭–૮૬ને દિને અંબાજીથી પાછા વળતી વખતે પૂ. મા સર્વેશ્વરીએ મને એક સૂચના આપેલી. જે સાધક-ભાઇબ્હેનોને લખવાનો અભ્યાસ ન હોય અને શું લખવું તેની સૂઝ પણ ન હોય તેમની પાસેથી કૃપા પ્રસંગ કેવી રીતે પ્રાપ્ત થશે ? માટે તેવી વ્યક્તિને ધ્યાનમાં રાખી થોડા પ્રશ્નો તૈયાર કરવા જોઇએ ને તે પ્રશ્નો 'અધ્યાત્મ' દ્વારા તેમની પાસે પહોંચાડવા જોઇએ. પૂ. માની આજ્ઞા અનુસાર નીચેના દસ પ્રશ્નો તેવી વ્યક્તિ માટે તૈયાર કરવામાં આવ્યા છે. તેથી તેવા પ્રત્યેક સાધક ભાઇબ્હેનોને નમ્ર વિનંતિ કે તેઓ પ્રશ્નોના જવાબ લખી મોકલે અથવા લખાવી મોકલે.]

(૧) તમે પૂ. યોગેશ્વરજીના પ્રથમવાર દર્શન કર્યાં ત્યારે તમારી માનસિક સ્થિતિ કેવી હતી ? શું તમે કોઇ દુઃખ કે દર્દથી પીડાતા હતા ? કે આધિ, વ્યાધિ ને ઉપાધિથી થાકેલા હતા ? કે માત્ર શોખને ખાતર તેમની પાસે ગયા હતા ? (૨) પ્રથમ દર્શને મનમાં કેવા કેવા ભાવો જન્મેલા ? (૩) ત્યાર પછી રૂબરૂ મુલાકાત માટે ઇચ્છા થયેલી ? મુલાકાત ક્યારે કરેલી ? મુલાકાતમાં શી શી વાતચીત થયેલી ? (૪) તમને આશીર્વાદ મળ્યા પછી ગુરુ કરવા માટે તમારા હૃદયમાં ભૂખ જાગેલી ? તે અંગે તમે કેવા પ્રયાસો કરેલા ? (૫) મંત્રદીક્ષાનો લ્હાવો લીધેલો ખરો ? ક્યારે ? દીક્ષા લીધા પછી જીવનમાં શું પરિવર્તનનો અનુભવ થયેલો ? તે પરિવર્તન

સ્વેચ્છાએ તદ્દન સહજ રીતે થયેલું કે તમારે પ્રયાસ કરવો પડેલો ? (૬) પૂજ્ય શ્રી સાથે રહેવાનો કે યાત્રા કરવાનો લ્હાવો મળેલો ? અથવા કોઇ વિશેષ લાભ પ્રાપ્ત થયેલો ? (૭) આજે પૂજ્યશ્રી સ્થૂળ દેહે નથી છતાં તમને અનુભવો થાય છે ખરા ? અથવા તેઓ તરફથી તમને કેવી રીતે પ્રેરણા પ્રાપ્ત થાય છે ? (૮) તમે પૂજ્ય શ્રીનો કયો સંદેશો ગ્રહણ કર્યો ? અથવા કરવા માંગો છો ? પ્રાર્થના ફળી હોય તેવા તમને અનુભવો થયા છે ખરા ? (૯) પૂ મા સર્વેશ્વરી તરફ તમે શા માટે આકર્ષાયા છો ? શું તેમની શક્તિનો કોઈ અનુભવ થયો છે ? શું મા પણ પ્રાર્થના સાંભળે છે ને સહાયભૂત થાય છે ? (૧૦) મા સર્વેશ્વરીના સંગમાં હવે તમારી માનસિક સ્થિતિ કેવી છે ?

ભૂલને સુધારી લઇએ એટલે ભૂલ મટી જાય છે. પણ ભૂલ દબાવી દઈએ છીએ ત્યારે તે ગૂમડાની પેઠે ફૂટે છે અને ભયંકર સ્વરૂપ લે છે.

શરીરને બચાવવા માટે ઘણો ઉદ્યમ કરું છું. આત્માને ઓળખવા એટલો કરું છું ખરો ?

જેની આંખો ફૂટી ગઈ છે તે આંધળો નથી પણ જે પોતાના દોષો ઢાંકે છે તે આંધળો છે.

માણસની શાંતિની કસોટી સમાજમાં જ થાય, હિમાલયની ટોચ પર નહીં.

આદર્શ વગરનો માણસ સુકાન વગરના વહાણ જેવો છે.



# મૃત્યુ સમયે....! ✓

પ્રાગજી ડોસા

મૃત્યુ સમયે જીવાત્માને ચાર પ્રકારનાં દુઃખ સતાવે છે. (૧) વિશ્લેષજ. (૨) મોહજ (૩) અનુતાપજ અને (૪) આગામીહૃદય દર્શનજ.

જીવાત્મા જ્યારે નવો જન્મ લેવા માતાના ઉદરમાં પ્રવેશ કરે છે ત્યારે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીર ધારણ કરે છે એ શાસ્ત્ર પ્રમાણ છે. સૂક્ષ્મ શરીર જ સ્થૂલ શરીરને દોરે છે. અને જીવાત્મા માયાના બંધનમાં બંધાતો જાય છે. એ સ્થૂલ અને સૂક્ષ્મ શરીરો એકબીજા સાથે એટલા તો ઘનિષ્ઠ પ્રમાણમાં ઓતપ્રોત થઇ ગયાં હોય છે. કે જેવી રીતે સરસ અથવા આજના સંદર્ભમાં કહીએ તો 'ફેવીકોલ' પ્રવાહી દ્વારા બે વસ્તુઓને ચીટકાડી દીધી હોય.

મૃત્યુ સમયે સૂક્ષ્મ શરીરને સ્થૂલ શરીરથી અલગ થવું પડે છે. ત્યારે અહંતા મમતાથી બંધાયેલા એ સૂક્ષ્મ શરીરને બહુ દુઃખ થાય છે, શરીરની નાડીઓ ખેંચાય છે. કંઠે પ્રાણ આવે છે ને ઘરરાટી બોલે છે, આંખોનું તેજ ચાલ્યું જાય છે. હજારો વીંછીઓની વેદના થતી હોય એવો અનુભવ થાય છે. એ વખતે બે શરીરોનો ભાર એકે જ ઉઠાવવો પડતો હોય તેવો બોજ સૂક્ષ્મ શરીરને ઉઠાવવો પડે છે, કારણ સ્થૂળ શરીર તો જન્મ થતાંની સાથે જ શબવત્ જ છે. એમાં જીવાત્મા છે એટલે એ હાલતું ચાલતું નજરે પડે છે. છેવટે મહા કષ્ટે સૂક્ષ્મ શરીર છૂટું પડે છે. આ દુઃખને "વિશ્લેષજ" દુઃખ કહે છે.

મરણોન્મુખ પડેલા જીવને ચારે તરફથી એના કુટુંબીજનો ઘેરી વળે છે. એમને જોતાં એ જીવને ચિન્તા ઘેરી વળે છે. મારા મૃત્યુ પછી મારાં બાળકોને કોણ સંભાળશે ? મારું ધન કોઇ લૂંટી તો નહીં લે ને ? કેટલાયે આસામીઓ પર મારા લેણા રૂપિયા નીકળે છે. અરેરે ! એ ડૂબી જશે. મરનાર પોતે કરજદાર હોય તો એનાં ઘરબાર લીલામ થઇ જશે એ ચિંતા એને સતાવે છે. હજી તો દીકરીને પરણાવવાની છે. આવા તો અનેક પ્રશ્નો સંભારી સંભારી એ દુઃખી થાય છે. આ 'મોહજ' દુઃખ છે.

એક સાચી હકીકત છે કે મૃત્યુ સમયે મનુષ્યે એના જીવન કાળ દરમિયાન જે જે પાપો કર્યાં હોય છે તે રજતપટના ચિત્રની જેમ એની નજર સામેથી પસાર થાય છે, ત્યારે એને ભાન થાય છે કે યમરાજને હવે હું શું મોં બતાવીશ ? મારાં આ પાપકર્મોનું ફળ મારે ભોગવવું જ પડશે. ભગવદ્ ભજનમાં પ્રીતિ જોડવાને બદલે સંસાર વહેવારની હાયહાય અને કામ, ક્રોધ, મોહ, લોભમાં મારું મન મોહ્યું અને હું અવળે માર્ગે ગયો એની શિક્ષા મારે ભોગવવી જ પડશે. આ 'અનુતાપજ' દુઃખ છે.

તે સાથે એ જીવ એના આગામી જન્મના પણ વિચાર કરે છે. કામ વિકારમાં ફસાયો હોય તો ભુંડ કે કૂતરા બનવું પડશે, વિકરાળ બની ક્રોધને વશ થયો હોય તો ચિત્તા, વાઘ, વરુ બનવું પડશે. દયા, દાન ધર્મ ન કર્યાં હોય, માત્ર જડવત્ જીવન જીવ્યું હોય તો વૃક્ષ કે વનસ્પતિમાં જીવ જશે. આ દુઃખનો વિચાર કરતાં તે પોતાનું ભાન ગુમાવે છે. શય્યામાં જ મળમૂત્ર થાય તેની પણ તેને ગતાગમ નથી. આ 'આગામી હૃદય દર્શનજ દુઃખ છે.



પણ જે પૂણ્યાત્મા છે, સત્કર્મો કર્યાં છે અને ગુરુચરણે બેસી આત્મચિંતનના માર્ગે વળ્યો છે એને અંત સમયે કોઇ દુઃખ થતું નથી. મૃત્યુ તો સહજ છે તે એ જાણે છે. સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરથી અલગ કરતાં એને કંઇ દુઃખ થતું નથી કારણ એ સ્થૂળ શરીર મારફત એણે પાપકર્મો કર્યાં નથી. એનું ધ્યાન, એનું ચિત્ત અંત સમયે પણ પ્રભુ સ્મરણ જ કરે છે. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું રહેલું નથી તો પણ "શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોભિજાયતે" તે પ્રમાણે બીજું ધર્માભિમુખ હોય એવા ઉચ્ચ કૂળમાં એ જન્મ લે છે અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની એની યાત્રા આગળ આગળ જારી રહે છે.

એવો યોગ ચુકતાત્મા ન હોય તો પણ એના પૂણ્યના બળે "દ્યૌઃ ગચ્છ" એના સત્કર્મો એને સ્વર્ગ પ્રાપ્તિ કરાવે છે અને પછી પૂણ્ય ક્ષીણ થતાં "અપો વા ગચ્છ" એટલે અન્તરિક્ષમાં રહેલા મેઘમાં એ પ્રવેશ કરે છે. વૃષ્ટિ દ્વારા "પૃથ્વીં ગચ્છ". ધાન્યમાં પ્રવેશ કરે છે. એ અનાજ ખાતાં પુરૂષના શરીરમાં સપ્તમ્ ધાતુ શુક્ર બને છે અને સ્રી ઉદરમાં પ્રવેશ કરી પુર્નજન્મને પ્રાપ્ત કરે છે. શા માટે ? "અધ્યયેન વસતિ". બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું એનું અધ્યયન ચાલુ રહે તે માટે. 'સિદ્ધાન્ત કૌમુદિ'માં એનું વિવરણ આપેલું છે.

# પ. પૂ. યોગેશ્વરજી પાસેથી હું શું શીખ્યો ?

ભૂપતભાઈ દેસાઈ

[ પાટડીના પૂ. શ્રી ભૂપતભાઇ દેસાઇ, સર્વોદય કાર્યકર અને સ્વાતંત્ર્ય સેનાની છે, પરંતુ એમણે બીજા અનેકોની જેમ પોતાની એ સેવાને-પેન્શન સ્વીકારી વટાવી નથી. એઓ સાચા મુમુક્ષુ છે. એટલેજ પ. પૂ. શ્રી ગુરૂદેવ પાસેથી સ્વીકારવા યોગ્ય લાગ્યું, તેનો જીવનમાં સ્વીકાર કરી, આચરણમાં ઉતાર્યું અને આજે એ પ્રમાણે જીવન જીવે છે.

એમના આવા જીવનમાંથી બીજા અનેકોને પ્રેરણા મળે તેમ હોઇ, અહીં આ લેખ આપ્યો છે.

જે વાંચકો સાધક છે તેમને એ, જરૂર રોચક બનશે, એવી શ્રદ્ધા છે. -તંત્રી ]

પંદરમી ઓગષ્ટ, પ. પૂ. યોગેશ્વરજીના જન્મદિને હું વહેલી પરોઢે પ. પૂ. યોગેશ્વરજીને તથા મા સર્વેશ્વરજીને વંદન કરીને પ્રાર્થના કરતો હતો. તે વખતે આવેલા વિચારોની નોંધઃ-

૧ઃ-યોગેશ્વરજીનો મેળાપઃ-

માનવદેહ, મુક્તિની ઇચ્છા, અને ગુરૂદેવનો મેળાપ, એ ત્રણ દુર્લભ વાતો કહી છે. મને તેનો યોગ થયો તે મારૂં પરમ ભાગ્ય છે.

ઈશાવાસ્યોપનિષદ્‌ના બીજા શ્લોકમાં એકસો વરસો જીવવાનું લખ્યું છે. સીત્તેર વરસે છેલ્લી અવસ્થા આવતાં



બધાં કામો છોડીને પ્રભુનામસ્મરણ કરવાનું હોય છે. રાજા દશરથને ધોળો વાળ માથામાં જોતાં ભગવાન રામને રાજગાદી સોંપી વનમાં જવાનો વિચાર આવ્યો તે પ્રમાણે દરેક માનવે પોતાનું ચાલુ કામ વારસોને સોંપી કેવળ પ્રભુનામ-સ્મરણ કરવાનું તે રસ્તે મને પ. પૂ. યોગેશ્વરજીએ વાળ્યો છે તે મારૂં અહોભાગ્ય છે.

૨ઃ-પ્રારબ્ધઃ-

અનેક જન્મોના સંચિત કર્મો પૈકી ચાલુ જીવનમાં જે કર્મો ભોગવવાનાં છે તે પ્રારબ્ધ છે. તેમાંથી કોઇને મુક્તિ મલતી નથી. સંતો, મહાત્માઓ અને યોગીઓને પણ તે ભોગવવાં પડે છે અને પ્રારબ્ધ ભોગવાઇ જતાં મૃત્યુ આવે છે. પ્રારબ્ધ કર્મો ભોગવતાં જે કર્મો થાય છે, તેમાં રાગ અને આસક્તિ થાય છે તે જ માનવને બાંધે છે અને જન્મ અને મરણના ચક્રમાં ફેરવ્યા કરે છે. તેથી કર્મો થતાં રહે તો પણ તેમાં આસકત ન થવાય તે જોવાનું છે અને તેવી ટેવ પાડવા સતત પ્રયાસ કરવાનો છે. મૃત્યુલોક એ કર્મયોનિ છે. પરમાત્માની પ્રાપ્તિ માટે દેવોએ પણ માનવદેહ ધારણ કરવો પડે છે. તેના વિના પરમાત્મા સાથે આત્મીયતા સધાતી નથી. તેથી માનવ દેહ સાર્થક કરવા માટે છેલ્લી અવસ્થામાં એટલે વૃદ્ધાવસ્થામાં પ્રાર્થના-ધ્યાન, મંત્ર, જપ અને પ્રભુનામસ્મરણમાં બધો વખત ગાળવાનો હોય છે. તેમ પ. પૂ. ગુરૂદેવે ઉપદેશ આપ્યો છે.

૩ઃ-ગીતાપાઠઃ-

પ. પૂ. યોગેશ્વરજીએ દરરોજ ગીતા પાઠ કરવાનો નિયમ રાખવા કહ્યું છે. તેથી હું એક સપ્તાહમાં ગીતાના અઢાર અધ્યાયોનો સ્વાધ્યાય કરૂં છું. ભગવાને સોંપેલું કામ રાગ અને આસક્તિ તથા કર્મફળો છોડીને કરતા રહીને ભગવાન

શ્રી કૃષ્ણે અર્જુનને ઉપદેશ આપ્યો છે, તે બધાએ ભગવાનના શરણે જવાનો પણ ઉપદેશ છે તેમ સમજવાનું છે. તે માટે ઘરને માનવોને તથા કુટુંબને છોડીને જંગલમાં જવાની જરૂર નથી. ઘરમાં જ રહીને એકાંતવાસ સેવી શકાય છે. સાત્ત્વિક આહાર લેવા છે. શકય તેટલું વધુ મૌન પાળવાનું છે. પ્રાણ અને મન, સરખાં કરીને મનના વિચારો, વિકારો અને વાસનાઓને રોકવાની છે. મન ભટકયા કરે તો પ્રાણે તેને તેમાંથી પાછું વાળી આત્મામાં જોડવાનું છે. આ રીતે એકાગ્રતા સાધવાની છે–તેમ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણનો ઉપદેશ છે.

૪:–મનો-નિગ્રહદ્વારા ધ્યાનઃ-

માનવ શરીરની રચનામાં મન અને પ્રાણ મહત્ત્વનો ભાગ ભજવે છે સુષુપ્તિ વખતે મન શાંત હોય છે પણ પ્રાણ ચાલુ હોય છે. પ્રાણનો નિગ્રહ એ મનના નિગ્રહ કરતાં પણ મુશ્કેલ છે તે માટે પ્રાણાયામ કરવાનો હોય છે પણ બધા માનવો માટે તે સરળ ન હોઈ મનના વિચારો રોકવા ધ્યાન કરવાનું પ. પૂ. યોગેશ્વરજીએ મને કહ્યું છે. દરરોજ વહેલી પરોઢીએ ઊઠીને ધ્યાન કરવું. પ્રથમ પ્રાર્થના કરવી પછી અડધો કલાક ધ્યાન કરવું. પછી મંત્ર જપ કરવો અને ધ્યાન છોડવું. આ રીતે સવારે અને સાંજે બે વખત અવશ્ય ધ્યાન કરવું. શકય હોય તો ભજન સાથે ધ્યાન પૂરું કરવું. આ રીતે શરૂઆતમાં મનમાં વિચારો આવ્યા કરે તોપણ ધ્યાન ચાલુ રાખવું. અકળાવું નહીં, અને ધ્યાન છોડવું નહીં. તો લાંબે ગાળે ધ્યાન સહજ બનશે અને મનોનિગ્રહ થશે. અંતે શાંતિ મળશે તેમ પ. પૂ. યોગેશ્વરજીએ બોધ આપ્યો છે.

૫:–કાર્યક્રમઃ–

મારો આ કાર્યક્રમ મેં રાખેલ છે અને ચોર્યાસી વર્ષ



થયાં છે એથી હવે હું બહાર જઈ શકતો નથી પણ દિવસનો મોટા ભાગનો સમય આ રીતે પસાર કરું છું. રાત્રે સૂતા પહેલાં પ્રાર્થના કરું છું. વહેલી પરોઢીએ ઊઠીને ધ્યાન કરું છું. બપોરે લગભગ બે કલાક મારી પુત્રી સુશીલા પાસે પ. પૂ. યોગેશ્વરજીનાં લખેલાં પુસ્તકો જેવાં કે–ગીતાદર્શન-ભાગવત, ભગવાન રમણ મહર્ષિ-રામાયણ વિગેરે પૈકી વાંચન કરાવું છું. અને હું તેનું શ્રવણ કરું છું. આથી મને સંતોષ રહે છે અને પરમાનંદ મળે છે. બાહ્ય-પૂજન, અર્ચન, ભજનો કરતાં મને માનસિક જપ, નામસ્મરણ અને મૌન વધુ અનુકૂળ રહે છે. મારા ઉપર પ. પૂ. યોગેશ્વરજીની કૃપા વરસી રહી છે તેમ મને સતત લાગ્યા કરે છે અને જીવનના અંતકાળ સુધી આ કાર્યક્રમ ચાલતો રહે તેજ મારી ઇચ્છા તેઓ પૂરી કરશે તેવી મને અનન્ય શ્રદ્ધા છે.

બધું ભાગ્ય પર ન છોડી દઈએ અને પુરુષાર્થનો ફાંકો પણ ન રાખીએ ભાગ્ય ચાલ્યા કરશે. આપણે જોવાનું એ છે કે તેને આપણે કેટલું વાળી શકીએ છીએ. એમ કરવાની આપણી ફરજ છે, પરિણામ ભલે ગમે તે આવે.

* * *

હું પ્રત્યેક ક્ષણે અનુભવું છું કે મૌન એ સર્વોત્તમ ભાષણ છે. બોલવું જ પડે તો ઓછામાં ઓછું બોલો. એક શબ્દથી ચાલે તો બે ન બોલો.

## વિશ્રામગૃહને સહાય

યાત્રાધામ અંબાજી ખાતેના પૂ. જ્યોતિર્મથી વિશ્રામગૃહને નીચે પ્રમાણે સહાય મળી છે.

| | રૂ. |
|---|---|
| ૧. અંબાલાલ એમ. મીસ્ત્રી, રગ્બી ઇંગ્લેન્ડ | ૨૫૧ |
| ૨. મણીબેન એ. મીસ્ત્રી ,, ,, | ૨૫૧ |
| ૩. અમરીષ કે. કાકા, વડોદરા | ૫૦૧ |
| ૪. કૌશલ એ. કાકા, વડોદરા | ૨૫૧ |
| ૫. જયંતભાઇ વી. શાહ, મુંબઇ | ૧૧૧૧ |
| ૬. કૃષ્ણકાંત સી. શાહ, વડોદરા | ૧૦૦૧ |
| ૭. કુંવરબહેન પટેલ, મૂળી | ૧૦૦ |
| ૮. વામનભાઈ કાલીદાસ ભક્ત, કપૂરા. | ૧૧૧૧૧ |
| ૯. વિઠ્ઠલભાઈ કાલીદાસ ભક્ત, કપૂરા | ૧૧૧૧૧ |
| ૧૦. સુમનલાલ શાહ, સૂરત | ૫૦૧ |
| ૧૧. પુરષોત્તમભાઇ દવે, અમદાવાદ | ૫૧ |
| ૧૨. પુષ્પાબહેન ભાવસીંગભાઈ, બાજીપુરા | ૧૫ |
| ૧૩. મહેન્દ્રાબહેન ચિમનભાઇ, બાજીપુરા | ૧૫ |
| ૧૪. શાંતાબહેન ભક્ત, સ્યાદલા | ૧૧૦ |
| ૧૫. ઠાકોરભાઈ શાહ, વડોદરા | ૪૦૦ |
| ૧૬. ઠાકોરભાઇ જંબુસરીયા, વડોદરા | ૫૧ |
| ૧૭. નીનીદાબહેન ભાસ્કરભાઇ, વડોદરા | ૦૫૧ |
| ૧૮. એક સાધકભાઈ | ૧૦૦ |
| ૧૯. ચંદ્રકાન્ત બી. ટેલર, રાંદેર | ૫૧ |

સહુનો આભાર અને અભિનંદન.

———o———



## ભગવા રંગની ભવ્યતા

ભૂપતરાય. મો. ઠાકર. 'ઉપાસક'

ભગવો રંગ ભારતની શ્રદ્ધા-સંસ્કૃતિનો રંગ હોઇને, ભગવા રંગમાં ભારતીય જનોને ભાગવત દર્શન થાય છે. આપણા સાધુ, સંતો, સંન્યાસીઓ, યોગીઓ ભગવાં વસ્ત્ર ધારણ કરે છે, કારણ કે આ રંગ સમર્પણનું પ્રતીક છે. ત્યાગ અને બલિદાનનું દ્યોતક છે. સંન્યાસીઓ પોતાના ધનનો, ઘરનો, માતા-પિતા કે પત્ની-પુત્રનો ત્યાગ કરીને, પોતાની જાતને સમાજ માટે સમર્પિત કરે છે. અરે! પોતાના નામનો ય ત્યાગ કરી દે છે! ત્યાગની આ વિરાટતામાં આખો સંસાર સમાય જાય છે. સમાજને પોતાનો બનાવી, સૌના માર્ગદર્શક બને છે. કચડાયેલા, ફેંકાયેલા હણાયેલા, દુભાયેલા માનવોના હિતચિંતક બને છે. સંસાર વૈભવમાં ગળાબૂડ માનવોને, અંધકારમાં ખોવાયેલાને ઉર્ધ્વગામી અને પ્રકાશમય જીવન પર આવવા પ્રેરણા આપે છે.

ભગવાં વસ્ત્ર કે રંગમાં 'આગ' જ્વાળાઓની વિભાવના કરવામાં આવી છે. માનવ પોતાના દોષ-ભૂલ કે અવગુણ અથવા કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર જેવા આંતર જીવનને કલુષિત કરતા દોષોને બાળવા માટે, જ્વાળાઓમાં ભસ્મીભૂત કરવા માટેની ભગવા વસ્ત્રમાં શક્તિ રહેલી છે. ભગવા વસ્ત્રના અવલંબને વ્યક્તિ પોતાના જીવનની ગેર-વૃત્તિઓને અંકુશમાં રાખી શકે છે. દુરાચારથી સાવધ બને છે. ભગવાં વસ્ત્ર આપણામાં ઘણા આદર્શ પ્રસ્થાપિત કરે છે. ભગવા રંગને કલંક ન લાગે તેની સતત ચેતાવણી આપ્યા કરે છે. માનવ-

ને માનવરૂપે અકબંધ રાખવા ભગવા રંગમાં સહાનુભૂતિ રહેલી છે.

ભગવા વસ્ત્રમાં વિશ્વાસ છે. આ વસ્ત્રો ધારણ કરેલ માનવીના શબ્દોમાં સૌને શ્રદ્ધા છે. સંતોના શબ્દોમાં જીવનનું રસાયણ છે. અમૃત સમીપે લઈ જવાની દઢતા તેમાં જળવાયેલી હોય છે. તેમની વાણીમાં પ્રચંડ દૈવત્વ, અખૂટ પ્રેરણા, અદ્‌ભુત શક્તિ રહેલાં છે. સંતો આખાય માનવ જીવનને, સમાજ વ્યવહારને બદલી શકે છે. શ્વાસપર વિશ્વાસ રહે નહીં કિન્તુ સાધુ–સંતોના શબ્દમાં સંજીવની રહેલી છે. જીવન ત્યાંથી મળે છે. જીવનમાં નવો વળાંક લાવવામાં સદ્‌ગુરુ મદદગાર બને અને માર્ગદર્શક બને છે. ગુરુવાણીમાં શબ્દ શક્તિનો પરચો થાય છે. વિશ્વાસપૂર્વક કહેવાયેલું અને શ્રદ્ધાપૂર્વક સાંભળેલું ક્યારેય નિર્થક જતું નથી. ભગવા વસ્ત્રમાં એક ભાવના ભળેલી છે તેથી અદ્‌ભુત રંગ છે. આ!

આ ભગવા–કેસરિયા રંગમાં 'ક્રાંતિ' છે. શિવાજીએ ભગવા રંગને 'રાષ્ટ્રમુક્તિ'ના રંગ તરીકે બિરદાવી, ભગવો ધ્વજ હવામાં લહેરાવ્યો.

'शिवाने भगवा उडाया गगन पर' । સ્વામી રામદાસજી પાસેથી પ્રેરણા મેળવી, શબ્દ શકિત પર વિશ્વાસ રાખી, રાષ્ટ્રજીવનને નવું ચેતન આપ્યું. સમર્પણની ભાવનાને મૂર્ત કરી. આપણા દેવાલયો, શિવાલયો–ભગવા ધ્વજને ફરકાવે છે. ભગવા વસ્ત્રની ભવ્યતા ગગન સુધી પહોંચે તે રીતે ફરકતા રહે છે. આપણા રાષ્ટ્રધ્વજમાં પણ ભગવા રંગને, ભારતની ભવ્યતાને, ભારતની સંસ્કૃતિને સ્થાન મળ્યું છે. ભગવો રંગ આ રીતે ભારતીય રંગનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતના જીવન વ્યવહારનો ઉદ્‌બોધક બની રહ્યો છે.



રાજાઓ કેસરિયા કરતા ત્યારે ભગવાં વસ્ત્રો ધારણ કરી, પોતાની માતૃભૂમિ માટે માથાના બલિદાન માટે મેદાને પડતા. આ રીતે પણ ભગવા રંગમાં 'આત્મસમર્પણ'નો રંગ ઘૂંટાયેલો છે.

ભગવો રંગ પવિત્રતા, સરળતા, સાત્વિકતા અને ધાર્મિકતાનો રંગ હોઈ, આપણા જીવન વ્યવહારમાં માર્ગદર્શક, ઉપકારક બને છે. ભગવો રંગ ભકિતનો રંગ છે. પ્રેમ અને પ્રેરણા, બલિદાન અને વિશ્વાસ, દઢતા અને શ્રદ્ધાનો સમન્વય આ ભગવા રંગમાં ઘૂંટાયેલો છે. આ વિશ્વસનિયતાનો રંગ છે. સાધુ, સંત, જોગી, યોગીની એકતાનો–શકિતનો રંગ છે.


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.

# પ્રભુ–કૃપા

સંકલન : મમતા પી. ભાટીયા

પ્રભુ–કૃપા તર્કથી કે મનથી ન સમજાય તેવી ચીજ છે. એને એના પોતાના કાયદા કાનૂન છે. કૃપા કોઇ અર્થહીન ચીજ નથી, કે પ્રભુની 'મરજી મુનાસિફ' એનો ઉપયોગ થતો નથી. આપણી નજર સમક્ષ સેંકડો પુરાવા આપણે જોઇએ છીએ, એટલે જે નથી દેખાતું તેને વિષે કદી જરા સરખીયે શંકા થવી જોઇએ નહિ. મનુષ્ય પ્રાણી તરીકે જન્મવા માટે શું આપણે લાયક હતા? પ્રકૃતિ કેટલી કીંમતી ભેટો આપણને આપે છે, શું આપણે એને લાયક છીએ? આપણને ચારે તરફ કેટલો પ્રેમ મળે છે, કેટલી મૈત્રી મળે છે, ઉદારતા મળે છે, કૃતજ્ઞતા મળે છે, આપણો એના પર શો હક છે? આ બધો પ્રભુકૃપાનો પુરાવો નથી તો શું છે? આપણામાં કોણ આ બધાને યોગ્ય છે? અથવા કહો કે પ્રભુએ આ વરદાનોથી વંચિત રાખ્યો હોય એવો અયોગ્ય ક્યાંય કોઈ છે?

કૃપા કંઇ આપણો હુકમ બરદાસ્ત કરનારી દાસી નથી, કે નાની નાની ચીજોથી ખુશ થઇ જાય એવી એ પ્રેયસી નથી. સારી ચાલચલગતનો એ ચાંદ પણ નથી. કૃપા તો બાળકના કપાળપર માતાનું ચુંબન છે. બાળકો માટે માતાનો પ્રેમ કુદરતી હોય છે. બધાં જ બાળકોને માતા સરખાં ચાહે છે. પણ કેટલાંક બાળકો કૃતજ્ઞ ભાવે માતાના પ્રેમનો સ્વીકાર કરે છે, કેટલાંક એનો અડધોપડધો જવાબ વાળે છે, તો વળી કેટલાંક એનો ઇનકાર કરી કહે છે કે એમાં માતાએ શું કર્યું?

એક વાત નક્કી કે પ્રભુ આપણા માનુષી ગજથી આપણને



માપતા નથી. આપણી દૃષ્ટિ ખૂબ જ ટૂંકી અને છીછરી છે. પ્રભુ આપણા એક એક હૃદય ધબકારને જાણે છે. આપણે શું હતા, શું છીએ અને શું થઈ શકીએ તેમ છીએ તેની એને ખબર છે.

કૃપાનો અભાવ નથી, પણ શ્રદ્ધા ટકી રહે એટલો પ્રભુપર આપણો પ્રેમ નથી. આપણને આપણાં મા-બાપ, સગાંવહાલાં અને મિત્રો પર શ્રદ્ધા છે, આપણે અપરિચિતો પાસેથી, દુશ્મનો પાસેથી પણ સારી વર્તણુકની આશા રાખીએ છીએ. પરંતુ પ્રભુની પાસેથી પુરાવો માંગીએ છીએ. રમતના નિયમોની આપણને ખબર નથી, અને એંપાયરની ભૂલ કાઢીએ છીએ.

દુનિયા કૃપાથી જ ટકી રહી છે. પ્રભુની કૃપાનો પ્રાણ ફૂંકાંતો ન હોય તો આપણે બીજો શ્વાસ ન લઈ શકીએ. પણ કૃપા હમેશાં આપણને ખુશ કરનારી હોતી નથી, કારણ કે કૃપાનું કામ આપણને રાજી રાખવાનું કે આપણને સુખી કરવાનું નથી. કૃપાનું કામ આપણા જીવનને સાર્થક કરવામાં આપણને મદદ કરવાનું છે. કૃપા તક રૂપે આવે, ચેતવણી રૂપે આવે, ઠપકા રૂપે આવે, અરે આઘાત રૂપે પણ આવે. એ કયા રૂપે આવે છે એ મહત્ત્વનું નથી, પણ એનો અંતિમ હેતુ, એનું પરિણામ મહત્ત્વનું છે.

કૃપાની સાથે કર્તવ્ય આવે જ છે. આપવું અઘરું છે, પણ આધ્યાત્મિક જીવનમાં લેવું પણ એટલું જ અઘરું છે. આપણને જે મળે છે તેની આપણે નોંધ લેતા નથી, પણ જ્યારે આપણને જે જોઈએ છે તે નથી મળતું, ત્યારે જુલમ થાય છે કહી આપણે એનો વિરોધ કરીએ છીએ. આપણે કેટલાં બધાં વરસ નીરોગી રહી શાંતિની ઉંઘ લઇએ છીએ. છતાં આરોગ્યના કેટલા બધા નિયમોનો ભંગ કરી અસ્વસ્થતાના

સમયે આપણને પ્રભુની સામે ફરિયાદ કરવાનો શું અધિકાર છે? જો માણસ જાણેઅજાણે કુદરતના નિયમોનો ભંગ કરે તો એનું પરિણામ એને ભોગવવું જોઈએ. છતાં કેટલી બધી વખત અને કેટલા મોટા પ્રમાણમાં આપણે એ પરિણામો ભોગવવામાંથી મુક્ત રહીએ છીએ, શું એ આશ્ચર્ય નથી? આનો અર્થ એવો નથી કે આપણે રોગ અને દર્દથી દૂર રહેવા કોશિષ કરવી નહિ. શરીર પ્રભુનું મંદિર છે. એને શા સારું બને એટલું સારું ન રાખીએ? પરંતુ કોઇવાર શરીરની આ ચિંતા સાધકને એની સાધનામાં વિક્ષેપ કરનારી બને છે. કેટલાય સાધકો શરીરને સાચવવામાં રોજ કલાકો બગાડતા હોય છે, પરિણામે આત્માનો વિચાર કરવાનો એમને વખત રહેતો નથી. શરીરની ચિંતા ન કરનારા સેંકડો સાધકોએ પ્રભુનો સાક્ષાત્કાર કર્યાના દાખલાઓ છે, પણ કેવળ શરીર પરજ લક્ષ આપીને પ્રભુનો સાક્ષાત્કાર પામ્યો હોય એવો એક પણ માણસ બતાવી શકશો? પ્રભુ આપણને દર્દ આપે છે. આપણે દુઃખી થઈએ છીએ એવું પ્રભુ ઈચ્છતો નથી. શરીરને એના પોતાના નિયમો છે. આધ્યાત્મિક રાહ લીધો એનો અર્થ એવો નથી કે શરીર પણ એકદમ આધ્યાત્મિક બની ગયું. ઉત્ક્રાન્તિના અમુક તબક્કે જડ તત્ત્વમાં પણ પ્રકાશનું અવતરણ થશે, એ વિષય પ્રભુનો છે. અને એ કામ પણ પ્રભુનું છે. એને ઠીક લાગશે ત્યારે એ પ્રશ્નને ઉકેલશે. મોટા ઋષિમુનિઓ અને દ્રષ્ટાઓ દુઃખી માનવજાત પ્રત્યે કરૂણાથી પ્રેરાઈ આનો કંઈ ઉપાય વિચારી શકે છે ને કહી શકે છે.

પ્રભુની કૃપાથી જ ગુરુની પ્રાપ્તિ થાય છે. ગુરુની મહત્તાનું દર્શન થવું એ પણ પ્રભુકૃપા જ છે. ગુરુ ચરણે બેઠા પછી ઘણા સાધકોને કૃપાની ચમત્કારી શકિતનું દર્શન થાય છે.



# ગુરુકૃપા

કમલ સુથાર

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ।
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ।।

જેણે સતત ભક્તિથી, જ્ઞાનથી, શ્રેયની સાધનાથી સતત પરમાત્માની આરાધના કરીને આત્મ સાક્ષાત્કાર કર્યો છે, પરમાત્મ–ચૈતન્ય–મહાસાગરમાં જેમણે પોતાના મનનો લય કર્યો છે એજ પરબ્રહ્મસ્વરૂપ સદ્ગુરુ. અજ્ઞાન રૂપી અંધકાર–માયિક–અંધકારને દૂર કરી પરમાત્મ પ્રકાશનો માર્ગ બતાવનાર, આત્મસાક્ષાત્કાર કરાવનાર સદ્ગુરુ છે.

મનુષ્યનો જન્મ અનેક જન્મોના પુણ્યોદય પછી પ્રાપ્ત થાય છે. મનુષ્ય શરીરની રચનાજ એવી છે કે જેના દ્વારા મનુષ્ય ઊર્ધ્વગતિ કરી શકે છે. મનુષ્ય શ્રેયની સાધના કરે, ગુરુકૃપા પ્રાપ્ત કરે તો આત્મ સાક્ષાત્કાર કરી શકે છે. અને આ ઉર્ધ્વગતિ માટે–આત્મ સાક્ષાત્કાર માટે ગુરુકૃપાનું અત્યંત મહત્વ છે. કેમકે ગુરુ એ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે. મનુષ્યના ચિત્તમાં જનમો જનમથી અનેક પ્રકારના અનેક સંસ્કારો પડેલા છે. જ્યારે મનુષ્યના જીવનમાં એનો પુણ્યોદય થાય છે ત્યારે તેને ગુરુ કે પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને આદરભાવ જાગે છે. એનું મન માયિક અંધકારથી અકળાઈને પરમાત્મપ્રકાશ, આત્મપ્રકાશની ઝંખના કરતું થાય છે. એનામાં ભકિતભાવ જાગે છે.નશ્વર–જગત પ્રત્યે વૈરાગ્યભાવ જાગે છે.

પણ સાધકને જ્યાં સુધી સાચા સદ્ગુરુની પ્રાપ્તિ અને કૃપાપ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી તેને પરમાત્મ સાક્ષાત્કાર નથી

થતો. પરમાર્થ-માર્ગનો જે અનુભવી હોય તેજ સાધકને
સાચો રાહ ચીંધી શકે. સંસાર-સાગરનાં અનેક માયિક-મોજા
-વમળો સાધકને અકળાવે છે. અનેક આવરણો એની આસ-
પાસ છવાય છે. જનમો જનમના અનેક સંસ્કારો રૂપી મેલ
એના ચિત્તને ઘેરે છે. આવા વિપરિત સમયે સાધકની દશા
મધદરિયે તોફાનમાં અટવાયેલા નાવ સમાન બને છે. અને
આવા સમયે સાચા સદ્‌ગુરુની કૃપા સાધકની જીવન-નાવને
ભવ-સાગર પાર કરવામાં સહાયક બને છે.

સદ્‌ગુરુ એ પ્રકાશનો પરમપૂંજ છે. સદ્‌ગુરુ દૃષ્ટિથી, સ્પર્શથી
અને સંકલ્પથી કૃપાવૃષ્ટિ કરે છે. પરમાત્મ ચૈતન્યનો દિવ્ય
પ્રકાશ એની દૃષ્ટિ, હાથ, પગની આંગળીઓમાંથી વહેતો હોય
છે. જે સાધક આવા સદ્‌ગુરુના શરણમાં શ્રદ્ધાપૂર્વક જાય છે
અને સમર્પણ ભાવથી, નિષ્કામભાવથી એમની સેવા કરે છે
તે સાધક સદ્‌ગુરુની આ દિવ્યકૃપાનો લાભ અવશ્ય મેળવે છે.
અને આ ગુરુકૃપા પ્રાપ્ત થતાં સાધકની સુષુપ્ત કુંડલિની શક્તિ
એક ક્ષણમાં જાગૃત થાય છે. અને આ જાગૃત થયેલી કુંડલિ-
ની શક્તિ ગુરુકૃપાથી સાધકના શરીરમાં કરોડરજ્જુમાં રહેલી
સુષુમ્ણાનાડી દ્વારા ઊર્ધ્વગમન કરે છે. અને આજ ઊર્જાશક્તિ
ચક્રભેદન કરી સાધકના શરીરમાં રહેલી ૭૨ હજાર નાડીઓને
વિશુદ્ધ બનાવી સહસ્રારમાં જાય છે. અને તે શિવસાથે એકરૂપ
બને છે. ત્યારે સાધક જીવ મટી શિવ બને છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ "કૃપા" નો અર્થ સમજાવતાં કહે
છે. "કૃ"=કરો. "પા"-પાઓ, પ્રાપ્તકરો. શ્રયનોપુરુષાર્થ
કરો અને સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત કરો. ગુરુકૃપાથી સાધકની
જીવન-નૈયા ભવ-સાગર પાર ઉતરી જાય છે. એ પરમાત્મ
સાક્ષાત્કાર કરીને પરમાનંદનો ભોક્તા બને છે. ગુરુ-કૃપા



અસંભવને સંભવ બનાવે છે. માનવજીવનને ધન્ય બનાવે
છે. એટલેજ તો ગુરુગીતામાં કહ્યું છે કે-

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિ; પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યમ્; મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥

સાચું સુખ બહારથી નથી મળતું, અંતરમાંથી જ
મળે છે.

IS:10001

ISI

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૨
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# તીસાજંત્ર

—મહંતશ્રી મુક્ત જીવનદાસજી સાહેબ

[સદ્‌ગુરૂ શ્રી કબીર સાહેબે પોતાના અનુયાયીઓને જીવનમાં આચરવા માટે જે ઉપદેશ સંક્ષેપમાં ત્રીસ દોહાઓમાં આપ્યો છે, તે આજના યુગમાં પણ દરેક મનુષ્યને માટે ઉપયોગી છે, એટલુંજ નહિ પણ એનું જીવનમાં સારી રીતે આચરણ કરનાર મનુષ્ય બધાજ પ્રકારના દુઃખોથી મુક્તિ મેળવી જીવન મુક્ત બને છે.

આ ત્રીસ દોહાઓને તીસા જંત્ર કહે છે. મહંત શ્રી મુક્ત જીવનદાસજી સાહેબે આ દોહાઓ ઉપર સરળ ગુજરાતી ભાષામાં જે ટીકા લખી તે અહીં ક્રમશઃ આપવા વિચાર્યું છે.
—તંત્રી]

પ્રેમ જગાવે બિરહકો, બિરહ જગાવે પીવ;
પીવ જગાવે જીવકો, વહી જીવ વહિ પીવ. ૧

પ્રેમ વિરહને અને વિરહ પીવ માલિકને જગાડે છે તથા માલિક જીવને જગાડે છે. આવી જાગૃત અવસ્થામાં જીવ અને પીવની એકતા થાય છે. ૧.

[જ્યારે મનુષ્યને સત્સંગદ્વારા ભાન થાય છે કે, તેનું આત્મકલ્યાણ સત્‌નામ–સ્મરણમાં સમાયેલું છે. ત્યારે તે નામ પ્રાપ્ત કરવા માટે તેના હૃદયમાં પ્રેમ જાગે છે અને જેમ જેમ પ્રેમની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ તેના હૃદયમાં વિરહ જાગ્રત થતો જાય છે. નામી–પીવના મિલન માટેની આતુરતા, તાલાવેલી વધતી જાય છે અને વિરહીની આ વિરહકાતરતા પીવને પોતાના અભિમુખ બનાવે છે અને પીવ જાગૃત થયેલા



વિરહી જીવને નિજસ્વરૂપમાં યોગારૂઢ કરી ન્યાલ કરે છે. ત્યારે બન્નેમાં એકતા થાય છે. પીવ–સાહેબની પેઠે જીવ પોતે પણ નિર્ભય, નિર્વિકાર અને નિર્દ્વન્દ્વ બની જીવન્મુક્તિ અનુભવે છે. અને સદાને માટે આવાગમનના ચક્રમાંથી છૂટી જાય છે.]

પૂજા ગુરૂકી કીજિયે, સબ પૂજા જિહિ માંહિ;
જબ જલ સીંચે મૂલ તરુ, શાખા પત્ર અઘાહિ. ૨

પૂજા ગુરૂની કરવી; કેમકે સર્વ દેવોની પૂજા તેમાં સમાઇ જાય છે. જેમ વૃક્ષના મૂળમાં પાણી રેડવાથી તે ડાળ, પાન વગેરેને પહોંચી વૃક્ષ હર્યુંભર્યું થાય છે. તેમ ગુરૂપૂજા સર્વ દેવોની પૂજારૂપ છે. ૨.

[પહેલા જંત્રમાં જણાવેલી જીવન્મુક્તિ, પીવની સાથે અભેદતા પ્રાપ્ત થયા પહેલાં અને પછી મનુષ્યે શું કરવું ? એવી જિજ્ઞાસા થતાં સદ્‌ગુરૂએ અનેક દેવી–દેવતા અને જડ-પૂજાનો નિષેધ કરી સમસ્ત પૂજાઓના મૂળરૂપ ગુરૂપૂજાનું વિધાન કરેલું છે; કેમકે સંસારનું લૌકિક, તેમજ પારલૌકિક બધું જ્ઞાન કેવળ ગુરૂદ્વારાજ પ્રાપ્ત થઇ શકે છે. ઇશ્વરપ્રાપ્તિ પણ ગુરૂદ્વારાજ થઇ શકે છે. તેથી ગુરૂપૂજા એજ સાચી પૂજા છે અને તે જ મનુષ્યે કરવી જોઈએ. જે મનુષ્યો ભ્રમણામાં પડી મૂળરૂપ ગુરૂપૂજાને છોડી ડાળાંપાંખડાંરૂપ જડ દેવી–દેવતાઓની વ્યર્થ પૂજામાં પોતાનું માનવ જીવન વેડફી નાખે છે, તેઓ પેલા મૂર્ખ માળીની પેઠે આખો જન્મારો પસ્તાયા કરે છે કે, જે આંબાના મૂળમાં પાણી ન સીંચતાં ડાળે ડાળે અને પાંદડે પાંદડે પાણી સીંચી તેને સૂકવી નાખે છે ! માટે જાગ્રત ચેતનદેવ સદ્‌ગુરૂ સંતોની પૂજા જ મનુષ્યોનું કલ્યાણ કરનારી છે.]

પરખો દ્વારા શબ્દકો, જો ગુરૂ કહેં બિચાર;
બિનાશબ્દ કછુ ના મિલે, દેખો નૈન ઉઘાર. ૩

ગુરૂએ વિચારપૂર્વક કહેલા શબ્દના દ્વારને, લક્ષ્યને પરખો, સમજો; કારણ કે શબ્દ વિના કોઈપણ પ્રકારનો ભેદ મળી શકતો નથી. જ્ઞાનચક્ષુ ઉઘાડી આ વાતને વિચારી જુઓ. ૩

[સંસારમાં અનેક પ્રકારના શબ્દો દરરોજ આપણા કાને પડે છે; પરંતુ જો એ શબ્દોના દ્વારને, લક્ષ્યને આપણે બરાબર પરખી ન શકીએ તો તો આપણને અથડાવું જ પડે છે. રોચક, ભયાનક અને યથાર્થ; એવા ત્રણ પ્રકારના શબ્દો હોય છે. તેથી સદ્ગુરૂના યથાર્થ શબ્દના લક્ષ્યને પરખી આપણે ચાલવાનું છે, અને તેમાંજ આપણું શ્રેય સમાયેલું છે. આખા સંસારનો વ્યવહાર શબ્દમાંજ સમાયેલો છે અને શબ્દો સિવાય બીજી કોઈ રીતે ભેદ મળવાનો નથી. એટલે સદ્ગુરૂના યથાર્થ શબ્દના દ્વારને પરખી આપણે જીવનમુક્ત થવાનું છે. સાખીઃ-"શબ્દ બિના સુરતિ આંધરી, કહો કહાં કો જાય; દ્વાર ન પાવે શબ્દકા, ફિર ફિર ભટકા ખાય." સારશબ્દ સિવાય સુરતા સ્થિર થશે નહિ.]

નામ મિલાવે રૂપકો, જો જન ખોજી હોય;
જબ વહ રૂપ હ્રદય બસે, ક્ષુધા રહે નહિ કોય. ૪

જો જિજ્ઞાસુ ખોજ કરે તો નામ રૂપને મેળવી આપે છે અને જ્યારે તે રૂપ હ્રદયમાં વસી જાય છે ત્યારે કોઈપણ જાતની ભૂખ (આકાંક્ષા) બાકી રહેતી નથી. ૪

[જેમકે આપણે જો કોઈ વસ્તુનું નામ જાણતા હોઈએ તો તે વસ્તુ આપણે ખોજ કરી મેળવી શકીએ છીએ; પરંતુ આપણે જોઈતી વસ્તુનું નામજ જાણતા નથી અને ખોજ



કરીએ તો તે આપણે મેળવી શકતા નથી. તેવી રીતે સત્ય વસ્તુનું યથાર્થ જ્ઞાન હોય અને તેનું નામ જાણતા હોઈએ તો જરૂર તે નામ મૂળ વસ્તુ સાથે આપણો ભેટો કરાવી આપે છે અને વસ્તુ મળતાં આપણી જજ્ઞાસા પૂરી થઈ પરમ શાંતિ મળે છે. ભક્તિસૂત્રમાં કહેલું છે કે :-"नामिनाम्नोरभेदः" નામી અને નામમાં અભેદ હોય છે.]

કરિયે નિત સત્સંગકો, બાધા સકલ મિટાય;
ઐસો અવસર ના મિલે, દુર્લભ નર તન પાય. ૫

સઘળાં વિઘ્નો અને બાધાઓને દૂર ખસેડી હરહંમેશ સત્સંગ કરવો. દેવદુર્લભ મનુષ્ય શરીર પામી આવો અવસર વારંવાર મળતો નથી. ૫

[સદ્ગુરૂ કબીર સાહેબે માનવજીવનના મુખ્ય કર્તવ્ય તરીકે 'સત્સંગ'ને મુખ્ય સ્થાન આપ્યું છે. 'સત્સંગ' ફક્ત મનુષ્યદેહમાં જ મળી શકે છે. અન્ય બીજા કોઈ પણ દેહોમાં તે શક્ય નથી. મનુષ્યદેહ પામીને જો જીવાત્મા 'સત્સંગ'થી વિમુખ રહે છે તો તે ચૌરાશીના ચક્રમાં ફેંકાઈ જાય છે. માટેજ સદ્ગુરૂએ કહ્યુ કે 'ઐસો અવસર ના મિલે, દુર્લભ નર તન પાય.'

હવે 'સત્સંગ' નો વાસ્તવિક અર્થ અગર ભાવ શું છે? તે આપણે જોઈએ. આગળના ૮ મા જંત્રમાં સદ્ગુરૂ કહે છે કે-'માનો સબ કુછ સાંચ હૈ, જો જાકો વ્યવહાર; જન્મમરણ હોઊ બના થિર ન્હૈ દેખુ વિચાર.' સંસારમાં દષ્ટિગોચર થતા તમામ પદાર્થો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એ આપણે દરરોજ જોઈએ છીએ શરીર કે જેના આધારે આપણે બોલીએ, ચાલીએ અને કાર્ય કરીએ છીએ તે પણ નાશ થતું

આપણે જોઇએ છીએ. જો કે આપણે તેને સાચું માનીએ છીએ. શરીર સાચુ નથી પરંતુ જેના આધારે આ શરીર હલન, ચલન અને કાર્ય કરવા શક્તિમાન બને છે અને જેના નીકળી જવાથી અમંગલ અને અશક્ત નિવડે છે એ ચેતન જીવ જ એક માત્ર સાચી સત્ય વસ્તુ છે પરંતુ અજ્ઞાનતા-વશ સંસાર એ સાચા સત્યને જાણતો નથી. જુઠાને સત્ય માની તેની ઉપાસના અને આરાધનામાં જયાં ત્યાં અથડાતો કુટાતો મરે છે.

સદ્‌ગુરૂ કબીર સાહેબ કહે છે કે, 'અનઘડિયા દેવા કૌન કરે તેરી સેવા ? ઘડિયાકો તો સબ કોઇ પૂજે, અનઘડિયા કો કોઇ નાંહી.' અનઘડિયા દેવ–ચેતન જીવની પૂજા, સન્માન કે સત્કાર કોઇ કરતું નથી પરંતુ ઘડિયાની મૂર્તિઓની પૂજા પ્રતિષ્ઠા અને સન્માન–સત્કાર કરવામાં આખો સંસાર ગાંડો ઘેલો થઇ રહ્યો છે ! સદ્‌ગુરૂ કબીર સાહેબ આપણને પ્રશ્ન કરે છે કે, 'હે મનુષ્યતનધારી જીવાત્માઓ ! તમે શું કરશો ? તમે ઘડિયાને પૂજશો કે અનઘડિયાને ? જો તમારે અનઘડિયાને પૂજવો હશે તો તમારે 'સત્સંગ' કરવો જોઇએ. 'સત્સંગ' સિવાય એનું જ્ઞાન તમને પ્રાપ્ત થશે નહિ અને એટલા માટે તમારે 'સત્' જે ચેતન જીવ તેના સાથી થવું પડશે અને ચેતન જીવના સાથી એવા સાચા સદ્‌ગુરૂ સંતોનો સંગ કરવો જોઇશે. ત્યારેજ તમે સાચા સત્સંગી બની શકશો.'

સદ્‌ગુરૂ કબીર સાહેબ આપણને જે 'સત્સંગ' કરવા કહે છે તે ચેતન જાગૃત સત્પુરુષોનો સંગ કરવા કહે છે કે, જેમના સંગથી તમે સાચા સત્ય ચેતનના સંગી બની શકશો અને આવાગમનના ચક્રમાંથી છૂટી શકશો.] (ક્રમશઃ)



## શામળિયે સામે જોયું !

આજ મારા શામળિયે સામે જોયું ! (૨)
આજ મેં તો દિલડાનું દુઃખડું ખોયું ! (૨)
જીવન હરિના વિના લાગે અકારું (૨)
ઘડી રે ઘડી હું તો શ્યામને સંભારું (૨)

મુખડામાં મોહનના મનડું મોહ્યું ! (૨)
આજ મારા શામળિયે સામે જોયું ! (૨)
સચરાચર સૃષ્ટિમાં શ્યામ જ દેખાય છે (૨)
ઘટ–ઘટમાં ગોવિંદનાં દર્શન તો થાય છે (૨)

ચિત્તચોર–ચરણોમાં ચિત્તડું પ્રોયું ! (૨)
આજ મારા શામળિયે સામે જોયું ! (૨)
શરણાગતિ મેં શ્રીહરિની સ્વીકારી (૨)
દુનિયાદારી સર્વ દીધી વિસારી (૨)

ભક્તિ–સુધા–સરિતામાં મનને ધોયું ! (૨)
આજ મારા શામળિયે સામે જોયું ! (૨)
'જગદીશ' જીવનમાં સુખનો સાગર છે (૨)
સાચો સંગાથી મારો નટવર-નાગર છે (૨)

વિશ્વનું સુખ સારું હરિમાં જોયું ! (૨)
આજ મારા શામળિયે સામે જોયું ! (૨)

—જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)

# પ્રત્યાઘાત

દારા જ. ભેસાણીઆ (કાયાવરોહણ)

પરમાત્માએ મનુષ્યને આપેલી ઉત્તમ ભેટોમાંની એક તે માનવમન. જો આપણી પાસે મન ન હોત તો આપણે ય પશુ બની જાત. આ મનથી જ આપણે સમસ્ત જગતનો વ્યવહાર કરી શકીએ છીએ. નિદ્રા દરમ્યાન જાગ્રત મન સુષુપ્ત બની જાય છે એટલે જ આપણા વ્યવહારો બંધ પડે છે. આ મનની ગતિઓનું નિરીક્ષણ કરતાં તેની વિશિષ્ટતાઓ તથા આશ્ચર્યકારક શક્તિઓનો પરિચય થાય છે.

આપણા મનની એક વિશિષ્ટતા છે–પ્રત્યાઘાતી વલણ. આપણે દરેક વાતનો તરત જ પ્રત્યાઘાત પાડતા હોઇએ છીએ. જીવનમાં નાના વ્યવહારોથી માંડી મોટા વ્યવહારોમાં પણ પ્રત્યાઘાત ડોકાયા જ કરે છે. ઘરનાં કાર્યોમાં, ઓફિસમાં કે સામાજિક પ્રસંગે આપણો પ્રત્યાઘાત હાજર જ હોય છે. સવારમાં સ્નાન સમયે બાથરૂમમાં કોઇ હોય તો તરત આપણો પ્રત્યાઘાત હોય. ચા કે ભોજનમાં સહેજ મોડું થાય તો ય પ્રત્યાઘાત આપી દઇએ. ભોજન કરતાં રસોઈ અંગે પ્રત્યાઘાત, ઓફિસમાં સાહેબ સાથે કે સહકાર્યકરો સાથે પ્રત્યાઘાત, મિત્ર કે મહેમાન સાથે દેશ–દુનિયા કે સમાજ અંગે પ્રત્યાઘાત–આમ પ્રત્યાઘાત આપણો પડછાયો હોય તેમ દરેક જગ્યાએ આપણે પ્રત્યાઘાત પાડીએ છીએ. કોઇક વ્યકિત આપણી પ્રસંશા કરે તો તરત સાનુકુળ પ્રત્યાઘાત અને નિંદા કે અપમાન કરે તો તરત પ્રતિકૂળ પ્રત્યાઘાત આપણે પાડીએ છીએ.



પ્રત્યાઘાતની પોતાની આદતથી જાગ્રત એવી ૧૭મી સદી-ની એક ખ્રિસ્તી સાધ્વી ભગવાનને પ્રાર્થના કરે છે—

"દરેક પ્રસંગે અને દરેક વિષય પર
મારે કંઇક કહેવું જ જોઇએ,
એવું માનવાની ભયંકર આદતમાંથી મને બચાવ.
બધાના કોકડાં હું ઉકેલી આપું
એવા ધખારામાંથી મને છૂટી કર."

પ્રત્યાઘાતના બે પ્રકાર છે–એક વિધેયાત્મક પ્રત્યાઘાત અને બીજો નિષેધાત્મક પ્રત્યાઘાત. જે વસ્તુ આપણને પ્રિય હોય કે જે વાત સાથે આપણે સહમત હોઇએ ત્યાં આપણો વિધેયાત્મક પ્રત્યાઘાત આવવાનો અને અણગમતી વસ્તુ કે વ્યકિત અંગે તરત આપણો નિષેધાત્મક પ્રત્યાઘાત મળવાનો.

પ્રત્યાઘાતની ઉત્પત્તિનું કારણ છે રાગ અને દ્વેષ. પ્રત્યેક મનુષ્ય રાગ–દ્વેષ યુક્ત છે. કારણ કે રાગ દ્વેષ મનના મૂળભૂત સંસ્કારો છે. માત્ર આ જ જન્મનાં સંસ્કારો નહિ, કેટલાય જન્મોથી મન ઉપર પડેલા સંસ્કારો રાગ–દ્વેષનું રૂપ લઇ લે છે. આથી જ મહર્ષિ પતંજલિએ રાગ–દ્વેષને કલેશ તરીકે ઓળખાવ્યા છે. જે મનુષ્યને બંધનમાં નાખે છે તે કલેશ.

પ્રત્યાઘાતથી મુકત થવું હોય તો વ્યક્તિએ સહજતા કેળવવી જોઇએ. જગતમાં કે આપણી આજુ–બાજુ જે થઈ રહ્યું છે તે બધાને માત્ર દ્દષ્ટાભાવથી નિહાળવું જોઇએ. જીવનને પરમાત્માની લીલા તરીકે જોવાથી મનની સમતા આવતી જશે અને રાગ–દ્વેષ મોળા પડશે, ફલતઃ મનનું પ્રત્યાઘાતી વલણ ઘટશે.

જેટલા પ્રત્યાઘાત ઓછા, તેટલાં સુખ–શાંતિ વધું.

# પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં. પરમાર્થી

[ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા ]

એક ખૂણામાં ઘંટી ને એક કોથળો છે. એ વિશે એમ કહેવાય છે. કે શિરડીમાં દુકાળ પડતો ત્યારે સાંઇબાબા પોતે ત્યારે અનાજ દળતા ને તે વખતે આ ઘંટીને ઉપયોગમાં લેતા. દળેલા ઘઉંનો લોટ ગામબહાર આવેલી નદીમાં ફેંકાવી દેતા. શિરડીમાંથી એ રીતે સાંઇબાબાના ગુપ્ત આશીર્વાદ પ્રાપ્ત થવાથી દુકાળની અસર નાબૂદ થતી. તેમની રેશમી જેવી છત્રીનો બહાર જતી વખતે ઉપયોગ થતો તે દૃશ્ય મોટા તૈલચિત્રમાં અહીં જોવા મળે છે.

દ્વારકામાઇનું દર્શન કરીને બહાર આવતાં સામે જ દિવાલ પાસે એક મોટો પથ્થર છે. એ પથ્થર પર કેટલીક વાર સાંઈ-બાબા બેસતા. તેવો એક ફોટો પણ તેમનો મળે છે. સાંઈબાબા કહેતા કે 'દ્વારકામાઇનાં પગથિયાં પર જે ચઢયો તેનાં બધાં જ દુઃખ દર્દ મટી ગયાં એમ જ સમજવાનું. તેની જવાબદારી હું સહર્ષ ઉપાડી લઉં છું.' એ શબ્દો આ સ્થાનમાં આવતાંવેંત યાદ આવે છે.

આ સ્થાન પાસે લીમડાનું એક વૃક્ષ છે. લીમડામાંથી બે મોટા ડાળ ફૂટયાં છે. એક ડાળ પરનાં બધાં જ પાંદડાં મીઠાં છે ને બીજી ડાળનાં કડવાં છે. નીચે નાનું શિવલિંગ અને એમના ગુરુદેવનાં પગલાં છે. આ સ્થાનમાં ધૂપાદિ કરવાનો મહિમા ઘણો મોટો છે. સાંઈબાબાએ સ્વમુખે જ કહ્યું છે.

હવે સમાધિમંદિરમાં સમૂહ પૂજાનો સમય થઈ ગયો હતો એટલે ત્યાં હાજરી આપી. પૂજારી ને ભકતો સમાધિની



સામે ખૂબ જ હૃદયંગમ રીતે સ્તુતિપાઠ કરે છે. એ વખતે નાના મોટાં બધાં જ ઊભા રહે છે. પૂજા પતી ગયા પછી ભોજનનો સમય થયો એટલે અમે ભોજન કરવા ગયાં. ભોજન જમ્યા પછી સહુ ઊંધા ગયાં.

તે દિવસે સાંજે સાકોરી જવા ઉપડયાં. જવા માટે ગાડાની વ્યવસ્થા કરી લીધી. સાકોરી શિરડીથી ત્રણેક માઇલ છે. નાનું સરખું ગામ છે. ત્યાં પ્રસિદ્ધ સંત શ્રી ઉપાસની બાબાનું સ્થાન છે. સ્થાનમાં પહોંચ્યાં ત્યારે અંધારું થઇ ગયું હતું. એટલે ખાસ જોવાનો આનંદ ના આવ્યો. છતાં એકભાઇએ બધું બતાવ્યું. આ સ્થાનમાં સાંજની પૂજા હમણાં જ પૂરી થઇ હતી. બાબાના શિષ્યા શ્રી ગોદાવરી માતાનો પ્રસાદ વહેંચાતો હતો. એક બાજુ ઉપાસનીબાબાની માતાનું મંદિર પણ હતું. સામે યજ્ઞકુંડ હતો. સુંદર ફોટાથી તે સુશોભિત હતો. તેમાં સૌથી ઉપર સાંઇબાબાનો ફોટા હતો. ઉપાસની-બાબા સાંઇબાબાના શિષ્ય હતા. સાંઇબાબાની જ દોરવણી ને કૃપાથી તેમને સિદ્ધિ મળેલી. એટલે અહીં બધે જ સાંઇ-બાબાનાં ચિત્રો દેખાતાં હતાં. બહાર દત્તમંદિરનાં દર્શન પછી અમે પાછાં ગાડામાં ગોઠવાયાં ને શિરડી પહોંચ્યાં હતાં.

બીજે દિવસે સવારે અમે ફરીથી સાઇકલ પર સાકોરી ગયેલાં. રાતના કરતાં દિવસે એ સ્થાનનું સૌંદર્ય ને સ્વરૂપ કંઇક જુદું જ દેખાયું. પ્રાર્થના કરી પછી જુદા જુદા સ્થાનમાં અમે સારી રીતે ફર્યા હતા ને ભોજનવેળાએ વળી પાછા શિરડી આવી પહોંચ્યાં હતાં. બપોરની મોટરમાં અમારે મનમાડ જવાનું હતું. જતાં જતાં એકવાર છેલ્લે શ્રી સાંઇબાબાની સમાધિનાં દર્શન કરી લીધાં હતાં. મારી સાધના સંબંધમાં કોઈ નિશ્ચિત સંકેત શ્રી સાંઇબાબા તરફથી મેળવવાની મારી ઇચ્છા હતી.

પણ તે ઇચ્છા પૂરી થઇ નહીં. પ્રભુની ઈચ્છાની વાત છે. તેમાં સંતોષ અને આનંદ માન્યા વિના છૂટકો નથી.

સાંઇબાબાએ કેટલાય દીનદુઃખી ને પીડિત માણસોને પોતાની પ્રખર શક્તિથી મદદ કરી હતી. રોગી, નિર્ધન, અપંગ, અનાથ, અસહાયને મદદ કરવાની સાથે સાથે આધ્યાત્મિક વિકાસ–અનુભવ માટે તલસતા અનેકને તેમણે સહાયતા પહોંચાડેલી. એવા મહાપુરુષને સંસારમાં પ્રગટાવીને માનવ જાતિનું હિત કરવા માટે મેં પ્રભુને પ્રાર્થના કરી ને શિરડીનાં સંસ્મરણોને યાદ કરતાં મુંબઇ તરફ પ્રયાણ કર્યું.

## અન્નદાતાનો મેળાપ ને નર્મદાતટની યાત્રા

ભારતમાં હજી પણ સાચા સંત પુરુષોનું પ્રાકટ્ય થયા કરે છે એ સત્યનું પ્રત્યક્ષ દર્શન થતાં આ દેશના ઉજ્જવલ ભાવિની આશા જાગ્યા વિના રહેતી નથી. જે મહાપુરુષનો અહીં ઉલ્લેખ કરું છું તે મહાત્માજીનું નામ સરસ્વતીનંદન હતું. તેમની મને મળવાની ઈચ્છા બહુ લાંબા વખતની હતી. પણ તે વડોદરામાં રહેતા હોવાથી, તેમજ મારે ત્યાં જવાનું કેટલાક વખતથી બનતું ના હોવાની, તેમના દર્શનમિલનનો યોગ આવતો ન હતો. છેવટે એ વખત પણ આવ્યો ને હિમાલય જતાં પહેલાં વડોદરા જવાનું થઈ શક્યું.

તેમણે કહેવડાવ્યું હતું કે જો હું ના જઈ શકું તો તે પોતે મારી પાસે આવે. પણ હું ના જઉં તે બની શકે જ કેમ ? એક વૃધ્ધ મહાત્મા મને પ્રેમપૂર્વક મળવાનો સંદેશ મોકલે ને તેમના સંદેશનો હું સ્વીકાર ના કરું તે બને જ કેમ ? એટલે મેં તેમને કહેવડાવ્યું હતું કે હું પ્રેમથી દર્શને આવીશ ને જરૂર આવીશ.



સુનિશ્ચિત સમયે મહાત્માજીએ ગાડી મોકલી એટલે અમે તેમની પાસે જવા રવાના થયા. ગાડીમાંથી ઉતરીને અમે મકાનને મેડે ચઢ્યા. મહાત્માજી ઊભા હતા. તે તરત જ પાસે આવ્યા. અમે તેમને પ્રણામ કર્યા. અને નીચે બેસવા જતા હતા ત્યાં જ તેમણે મને ઉપર આસન પર બેસવાનું કહ્યું. તેમના જેવા વૃધ્ધ અનુભવી મહાપુરુષની સામે ઊંચા આસન પર બેસવાનું મર્યાદાની દૃષ્ટિએ બિલકુલ અનુચિત હતું. પરંતુ તેમનો આગ્રહ ચાલુ જ રહ્યો, ને ના છૂટકે મારે તેનો સ્વીકાર કરવો પડ્યો.

એ દરમ્યાન મહાત્માજીએ પોતાના ભક્તોમાંના એકને મારી પૂજા કરવા કહ્યું. મે કહ્યુ, “તમારી સામે મારી પૂજા હોય નહિ. હું તો એક સાધારણ બાળક માત્ર છું.” પણ તે માને તેમ ન હતા. વિધિપૂર્વક ચંદન ચોપડાવીને તેમણે પૂજન કરાવ્યું. તે પછી સુંદર હાર પહેરાવ્યો ને ફૂલનો ગજરો અપાવ્યો. આ વિધિ બીજાને કદાચ મહત્વની ના લાગે પણ મારે મન તો તે મહાત્માજીની મહાનતાના–એક વધારે પૂરાવા જેવી હતી. પોતાની સામે ને પોતાના પ્રખર ભકતો દ્વારા આ રીતે પૂજન કરાવવું એ કોઇ સાધારણ માણસનું કામ નથીજ. તે માટે તો કેટલી નમ્રતા, હૃદયની પવિત્રતા, ને ઉદારતા જોઈએ ?

મહાત્માજીની વય ઘણી મોટી હતી. એંસી વરસના એક વૃદ્ધને તેમણે બાળપણમાં રમાડેલા એટલે સો કરતાં તેમની વય વધારે હતી. તેમના શરીર પરથી પણ તે સાફ જણાઈ આવતું હતું. ઋષિકેશમાં બાબા કાલીકમલીવાલાની સંસ્થામાં બાબા રામનાથજી રહેતા ત્યારે આ મહાત્માજી ઋષિકેશમાં રહેલા. બાબા રામનાથજી સાથે તેમની ગાઢ મિત્રતા હતી.

છેલ્લાં કેટલાંક વરસથી તે સ્વતંત્ર વડોદરામાં મકાન રાખીને રહેતા હતા. જલગામ, ખંડવા તેમજ બીજે ઠેકાણે તેમના ઘણા ભક્તો હતા.

આ મહાપુરુષને એમના ભક્તો વધારે ભાગે અન્નદાતાને નામે ઓળખે છે ને સંબોધે છે. તે અન્નદાતા જેવા છે. કોઇ અતિથિ તેમને ત્યાંથી અન્ન કે પ્રસાદ વિના પાછો ફરતો નથી. તેમના પર પ્રભુની પરમ કૃપા છે.

એ મહાપુરુષના જીવનના કેટલાય સુંદર ને તેમની શક્તિના પરિચાયક એવા પ્રસંગો હશે ને છે. પણ તેમાંથી વિશ્વસ્ત સૂત્ર દ્વારા મળેલો એક પ્રસંગ ટાંકી બતાવું છું. મધ્યભારતમાં ઉદયગઢથી પાંચેક માઈલ દૂર ચાંદોદ ગામ છે. ત્યાં તેમણે એક મકાનમાં ત્રીસદિન સુધી અન્નજળ વિના તપશ્ચર્યા કરી હતી. ઉદયપુરના મહારાણાને મહાત્માજી પર પ્રેમ હતો. તેમણે મહાત્માજીના મકાનને બંધ કરાવી બહાર એક પહેરેગીર રાખ્યો હતો ને તેને પોતાની રજાવિના મકાન ન ખોલવાની સૂચના આપી હતી. ત્રીસ દિવસ પૂરા થયા ત્યારે તેમણે પહેરેગીરને બારણા ઉઘાડવા કહ્યું. પણ પહેરેગીરે રાજા આવે ત્યાં સુધી શાંતિ રાખવાનું કહ્યું. મહાત્માજીએ કહ્યું કે મારે વળી રાજાનો હુકમ કેવો? હું તો એક ઈશ્વરનો જ હુકમ પાળું છું. તેઓ તો બહાર આવી ગયા. પાછળથી રાજા ત્યાં આવ્યા ત્યારે મહાત્માજીને બહાર જોઈને તેમજ સઘળી હકીકત સાંભળીને આશ્ચર્યચકિત થયા ને મહાત્માજીના ચરણે પડચા. જે સ્થળે મહાત્માજીએ એ પ્રખર તપ કર્યું હતું ત્યાં વિઠ્ઠલ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાં તે પોતે કેટલીક વાર જાય છે ને સાધુસંત તેમજ ક્ષુધાર્તને ત્યાં ભોજન આપવામાં આવે છે.



તેમના સમાગમ પછી અમારે નર્મદા કિનારે જવાનું થયું હતું. નર્મદાનું દર્શન કરતાં ગંગાની સ્મૃતિ તાજી થાય છે. નર્મદાનું પાણી ગંગા જેવું જ સ્વચ્છ, સુમધુર અને સુવિશાળ છે. કરનાળી પાસેનો નર્મદાતટ હૃદયંગમ, શાંત અને આહ્લાદક લાગે છે. કિનારા પર મંદિરો તથા ધર્મસ્થાનો સારા પ્રમાણમાં રચાયેલાં છે. એમાંના કેટલાકની અમે મુલાકાત લીધી હતી. એ બધામાં ખાસ ઉલ્લેખનીય સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજનું સ્થાન, શ્રી ગીતાજ્ઞાન ગુફા, કુબેર ભંડારીનું સ્થળ અને હંસારૂઢ સ્વામીનો આશ્રમ કહેવાય.

કરનાળી ને ચાંદોદની વચ્ચેના ભાગમાં, નદીના સામે કિનારે, એક મહાત્મા તપશ્ચર્યા કરી રહ્યા હતા. તેમનું નામ બુદ્ધદેવ હતું. મહાત્માજીની ઉંમર ૪૦ ની આસપાસ હશે. તેમણે વ્યાઘ્રચર્મ વીંટયું હતું. અમે ગયા ત્યારે સામે શ્રી કૃષ્ણનો ફોટો રાખી, હાથમાં માળા લઇ, તે જપ કરતા હતા. નર્મદા કિનારે આ પ્રમાણે જુદાં જુદાં સ્થળે રહેતાં તેમને બારેક વર્ષ થયાં હતાં. પણ હજી તેમની પ્રાથમિક સાધનાવસ્થા જ ચાલી રહી હોય એમ તેમની મુખાકૃતિ પરથી લાગતું હતું. બાકી તો મહાત્મા પુરુષોના અંતરના ઊંડાણને કોણ માપી શકે?

સાંજે અમે ગંગનાથ પહોંચ્યા હતા. આ તરફ બધે નર્મદાજી ખૂબ જ ઊંડાણમાં છે. એટલ ઘાટ વિના સ્નાન કરવાનું સુગમ થતું નથી. ગંગનાથ ઊંચાઈ પર છે. સ્થળ રમણીય છે. આ સ્થળમાં બ્રહ્માનંદજી કરીને મહાત્મા રહેતા હતા. ૧૮૫૭ના બળવામાં તેમણે ભાગ લીધેલો ને તેમાં તે નિષ્ફળ જવાથી, નિરાશ થઈ, અહીં આવીને શંકર ભગવાનને શરણે રહેલા. તેમની લોકોત્તર શક્તિના પ્રભાવથી ગંગનાથનો ધીરે ધીરે વિકાસ થતો ગયો હતો.

બ્રહ્માનંદજીની લોકોત્તર શક્તિ વિષે એક પ્રસંગ વિખ્યાત છે. કહે છે કે એકવાર જમનારા માણસો ઘણા હતા. રસોઈ બનાવાતી હતી ત્યારે ત્યાં ઘી ન હતું. બ્રહ્માનંદજીએ કહ્યું કે એક ડબ્બો પાણી માતા નર્મદા પાસેથી ઉછીનું લઈ આવો. શિષ્યોએ તે પ્રમાણે કર્યું. ખરેખર સૌના આશ્ચર્ય વચ્ચે પાણીએ ઘીનું કામ કર્યું હતું. પાછળથી આશ્રમમાં ઘી આવ્યું ત્યારે એક ડબ્બો ઘી નર્મદા માતામાં દેવાની પૂર્તિ-રૂપે છોડી દેવામાં આવ્યું હતું.

અમે શુકદેવના દર્શને ગયા ત્યારે રાતપડી ગઈ હતી. શુકદેવનું સ્થાન ઊંચે ટેકરી પર છે. સ્થાન નાનુ પણ રમણીય છે. શુકદેવની સામે જ નર્મદાને બીજે કિનારે વ્યાસનું સ્થળ છે. તે સ્થળ પ્રમાણમાં મોટું ને વસતીવાળું છે. શુકદેવને વ્યાસના નામ સાથે સંકળાયલી આ ભૂમિ પૂર્વકાળમાં તેમની નિવાસભૂમિ હોય તો નવાય નહિ. વ્યાસ ને શુકદેવ, ભર્તુ-હરિ ને ગોરખ જેવા મહાપુરુષોના સ્થાનો ભારતમાં ઠેર ઠેર જોવામાં આવે છે. આટલાં બધાં સ્થાનો એક જ પુરુષનાં કેવી રીતે હોઈ શકે એવી શંકા પણ કેટલાકને થઇ જાય છે. એવી શંકા સ્વાભાવિક છે. એટલું સાચું છે કે લોકોત્તર મહાપુરુષોના નામને કેટલાંક સ્થળો સાથે ખોટી રીતે જ તે સ્થળની મહત્તા વધારવા જોડી દીધા હોય છે. એવાં સ્થળો ખરેખર વાસ્તવિક છે કે કેમ તે ઇતિહાસાદિ પ્રાપ્ય પ્રમાણ ને માહિતીના આધાર પર નક્કી કરવું જોઇએ. ને કદાચ તેવાં સ્થળોમાંના કેટલાક ખોટી રીતે ઉપજાવી કાઢયાં હોય તો પણ તે નકામાં નથી. આવા સ્થળો જૂની વિદ્યાપીઠની ગરજ સારે છે. આવી વિદ્યાપીઠોએ માનવજીવનની ઉન્નતિમાં આજ સુધી ઘણો ફાળો આપ્યો છે ને ભવિષ્યમાં પણ ગુણગ્રાહી ને પોતાના રાષ્ટ્રને સંસારની સર્વોચ્ચ સંસ્કૃતિમાં ગૌરવ



લેતી પ્રજાને માટે તે મદદરૂપ જ થશે.

વ્યાસમાં જરાક ગરમી લાગી એટલે ગામમાં રહેવાને બદલે રાતે અમે નર્મદાની વચ્ચે જ નાવમાં સૂઈ રહ્યા.

આકાશના તારા રહસ્યમયી દૃષ્ટિથી–ઈશ્વરના ખાસ ખાનગી ગુપ્તચર હોય તેમ અમારું ને સારાય સંસારનું નિરીક્ષણ કર્યા કરતા હતા. ચંદ્રમા પણ આનંદના અતિરેકમાં પૂર્ણ-પણે પ્રકટ્યો. કયા ભાવ, દિવ્યલોકના, ને જીવનના કેવા કેવા અનુભવો તમારા અંતરમાં ભર્યા છે! હે તારા ને ચંદ્ર! ક્ષુધા ને તૃષા, સુખ ને દુઃખ જેવા દ્વંદ્વોથી પર થઈને, કાળની સામે પણ અજય સ્મિત કરીને, યુગોયુગના અનુભવ-ની કેટકેટલી કવિતાને અંતરમાં લઇને તમે ઊભા છો, હે તારા ને ચંદ્ર! જરા તો બોલો! તમારી ભાવાને કોઈક કવિ કે તત્ત્વજ્ઞ જ સમજી શકે તેમ છેઃ કારણ કે તે પણ સંસાર-થી તમારી જેમ જ ઉપર ઉઠી ચૂકયો હોય છે.

મહર્ષિવ્યાસના વિરાટ વ્યક્તિત્વને અંજલિ આપીને અમે પ્રભાતના પ્રથમ પ્રહરે જ નાવમાં અનસૂયા માતાતરફ ગતિ કરી હતી. અનસૂયા માતાનું સ્થાન નદીથી થોડે દૂર છે. સ્થાન નાનું ને સુંદર છે. અનસૂયા માતાના મહિમાને કોણ નહિ જાણતું હોય? પોતાના તપોબળથી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશને બાળક બનાવી દેનારી અનસૂયા પોતાની શક્તિ માટે સંસારના ઇતિહાસમાં અજોડ છે. (ક્રમશઃ)

## ✻ સમય નથી ✻

માણસોને ધન કમાવવાનો, મિટિંગોમાં જવાનો, કલબમાં જવાનો, નાટક સીનેમા કે ટી. વી. જોવાનો, પાનાં ટીચવાનો, ગપ્પાં મારવાનો સમય મળે છે અર્થાત્ જે નથી કરવાનું તે માટે સમય મળે છે, પરંતુ જે કરવાનું છે-જપ, તપ, ધ્યાન સ્વાધ્યાય, પરોપકાર, દાન-તેને માટે સમય મળતો નથી. આ કેવી કરૂણતા છે?

જે સ્થૂલ શરીરના સુખ માટે એ રાતદિવસ પરિશ્રમ કરતો રહે છે, એ કાયમ રહેવાનું નથી. એમાથી આત્મા નીકળી ગયા પછી એને કોઇ એક દિવસ પણ સંઘરવા તૈયાર નથી, તેનો એ કદી વિચાર જ કરતો નથી. આ આત્મા એનું સાચું સ્વરૂપ છે ને સદાનો સાથી છે, તે વાત એ ભૂલી ગયો છે. એને યાદ કરવાનો ચોવીસ કલાકમાં અડધો કલાક પણ મળતો નથી, એ કેવી વિચિત્રતા છે?

—યોગેશ્વર

Space donated by

**M/s Thakker Brothers**

Danapith, Bhavnagar-1



( અનુસંધાન પાના ૧૪ નું ચાલું )

પ્રેમવારિના પાવન સ્પર્શથી તરબોળ કરી દે છે. પૂ. મા સૌ ભકતમંડળી ઉપર ખોબાઓ ભરીને એ પ્રેમનો પાવન સ્પર્શ સૌને કરાવી રહ્યાં છે. ભકતમંડળી એ અમી છાંટણાથી ધન્ય બની નાચવા કુદવા લાગી છે. પૂ. મા સહિત સૌના કપડાં ભીંજાય ગયાં છે.

અમારી નજર સમક્ષ જે દિવ્ય ઘટના બની ગઇ તેનો પાર પામવાની અમારી અશકિત હતી. છતાં જે કંઇ નજર સમક્ષ જોયું તે હકીકત હતી. અમે સૌ હજુ ઉત્સાહથી છલકાતા સંકીર્તન કરતા હતા. પૂ.માનો આદેશ થતાં એ ભીના કપડે અમે સૌ પૂ.મા આગળ ગોઠવાયા. પૂ. માએ કહ્યું "સાગરદેવનાં દર્શન થતાં પ્રભુપ્રેમના ભાવોથી અંતર ભરાઈ ગયું. સાગરદેવને અર્ઘ્ય અર્પવા સહજ રીતે જ પુષ્પાંજલિ લેવાની ઇચ્છા થઇ. સાગરદેવના દર્શન સાથે પૂ.ગુરુદેવના પાવક સ્મરણથી અંતર ઉભરાઈ ગયું. એ સાથેજ પૂ.ગુરુદેવ પ્રભુના સાન્નિધ્યમાં દક્ષિણભારતની યાત્રા વખતે કન્યાકુમારીના પવિત્ર દરિયાકિનારે બનેલી અલૌકિક ઘટના સ્મૃતિપટ પર ઉપસી આવી."

કન્યાકુમારીના સમુદ્રતટની દિવ્ય ઘટનાની સાક્ષી બનવાનો સુઅવસર પૂ.ગુરુદેવપ્રભુની કૃપાથી મને પણ સાંપડયો હતો. ઘટનાની હકીકત આમ હતી. એક સુરમ્ય સાંજે પૂ. ગુરુદેવપ્રભુ સાથે કન્યાકુમારીના સમુદ્રકિનારે ફરવા ગયા. પૂ.મા પણ સાથે હતાં. એક જગ્યાએ સમુદ્રના પાણી સાથે ગમ્મત કરતા અમે સૌ ઉભા હતા. પૂ. ગુરુદેવપ્રભુ અમારી પાછળ પચ્ચાસેક ફુટ દૂર ઊભા હતા. અચાનક એક જબરદસ્ત મોજુ જાણે. દરિયાના પેટાળમાંથી ઉપસી આવ્યું અને અમે સાવધ બનીએ તે પહેલાં મોજુ અમારી ઉપર ફરી

વળ્યું. અમે પાછળ જોયું તો પૂ. ગુરુદેવ પ્રભુ જ્યાં ઉભા હતા તેઓનાં ચરણકમળોનો પાવન સ્પર્શ કરી ચરણકમળોની આસપાસ ફરી મોજુ પાછુ વળતું હતું. મોજાની શક્તિ એટલી હતી કે વળતાં વળતાં પણ તેના જોશથી અમારામાંના કેટલાય પડી ગયા. લગભગ બધાનાં ચંપલો પણ તણાઇ ગયાં.

અમે ભીંજાયેલાં કપડે પૂ. ગુરુદેવપ્રભુ પાસે ગયા ત્યારે તેઓ મંદમંદ સ્મિત વરસાવતા હતા. તેઓએ કહ્યું "શું બન્યું ?" અમે કહ્યું 'ભીંજાઈ ગયા.' પૂ. ગુરુદેવપ્રભુએ કહ્યું કે તમે સૌ જ્યારે પગ પલાળતા હતા ત્યારે મને પણ પગ પલાળવાની ઇચ્છા સહજ થઈ આવી. હું તમારા તરફ આવવા વિચારતો હતો ત્યાંજ આંતરજગતમાં વિવેકાનંદે દર્શન આપી કહ્યું "ગુરુદેવ, તમારે શા માટે સમુદ્ર પાસે જવું જોઇએ ! સમુદ્રની ઇચ્છા હશે તો તમારી પાસે આવશે ! પૂ. ગુરુદેવે કહ્યું કે જો સમુદ્રને મારી પાસે આવવું હોય તો એ મિનિટ્નો સમય આપુ છું. બસ, આ સંકલ્પ ઉઠતાંજ મોટું મોજું આવ્યું ને તમે ભીંજાઈ ગયા. પૂ. મા સહિત એ ઘટનાના સોળેક યાત્રીઓ સાક્ષી હતા.

સમુદ્ર સાથે સંકળાયેલી હોવાથી અહીં જગન્નાથપુરીના પવિત્ર તટે પૂ. માને તે ઘટનાનું સહજ સ્મરણ થઇ આવ્યું. પૂ. માએ આગળ કહ્યું : "ગુરુદેવપ્રભુ તો સમર્થ હતા. તેમને તો સંકલ્પસિદ્ધિ હતી. પરંતુ મારી પ્રાર્થના દરિયાદેવ સાંભળે ખરા ! ચાલો પ્રાર્થના કરી જોઇએ. એટલે મેં એક કાગળની ચબરખીમાં સંકલ્પ લખ્યો કે વિષ્ણુસહસ્રનામનો પાઠ પૂરો થાય કે તરતજ કે તે પહેલાં સમુદ્રદેવ જાતે અહીં પધારે અને મેં જે તેમને અર્ઘ્ય ધર્યો છે તે સ્વીકારી લે તેવી પ્રાર્થના છે. તમે જે ઘટના જોઈ તેની પાછળ આ



પ્રાર્થનાનું બળ હતું. સંકલ્પની સત્યતા માટે મેં તેને કાગળમાં લખી બે બહેનોને વંચાવ્યો. સડસઠમા શ્લોકે જ્યારે સમુદ્રદેવે મારી પ્રાર્થના સાંભળી. મેં તેમને અર્પણ કરેલો અર્ઘ્ય સ્વીકાર્યો ત્યારે મનમાં તરતજ સહજ પ્રાર્થના સ્ફુરી આવી કે જો આ જગન્નાથપુરીના પવિત્ર તટપર ગુરુદેવપ્રભુ હાજરાહજુર હોય તો ફરી વખત સમુદ્રદેવ અહીં આવી મારા આસનની આસપાસ ફરી વળે, એ પ્રાર્થના પણ તમે બધાએ સંભળાતી જોઈ અને અનુભવી."

ગુરુકૃપામૃતનું અમને પાન કરાવતાં પૂ. મા ગદ્‌ગદ્ બની ગયાં. તેઓના કમળનેત્રો પ્રેમાશ્રુઓથી છલકાઈ ઉઠ્યાં. શબ્દો વિરમી ગયા. અંતરની ભાષાને ભાવો દ્વારા અમે વાંચી રહ્યા.

સ્વસ્થ થતાં પૂ. માએ કહ્યું "જુઓ, સાગર પણ ચૈતન્યથી ભરપૂર છે. પ્રકૃતિનાં બધાંજ તત્ત્વો ચૈતન્ય સભર છે. જો આપણે સાચા દિલથી, અંતરના અંતરતમમાંથી પ્રાર્થના કરીએ તો તે જરૂર સાભળે છે."

પૂ. માએ કૃપા કરી અમને એક વિરલ, પાવન પ્રસંગના પ્રેમામૃતનું પાન કરાવ્યું. પ્રકૃતિના તત્ત્વો પણ ચેતન છે તે અનુભવ્યું. પ્રાર્થનાની વિહ્વળતા જોતાં દરિયાદેવ પ્રેમાતુર બની પાઠ પૂરો થાય ત્યાં સુધી ધીરજ ન રાખી શક્યા. પ્રેમઘેલા બની, આવી તક ફરી નહીં મળે તેમ સમજી, ઉતાવળે ઉતાવળે પૂ. માનાં શ્રી ચરણોમાં આળોટી પડ્યા. પૂ. માનો સંકલ્પ સિદ્ધ થતાં અમારાં હૈયાં હવે હાથ ન રહ્યાં. ઢળતી સાંજે જગન્નાથપુરીના પવિત્ર સમુદ્રતટને નામસંકીર્તનથી ગજવી મૂક્યો. કીર્તન ભક્તિનું પૂર ઉમટ્યું !

પ્રભુ યોગેશ્વર ભગવાન, મા સર્વેશ્વરી સુખધામ,
મા સર્વેશ્વરી સુખધામ, પ્રભુ યોગેશ્વર ભગવાન.

# આસક્તિ અને પ્રીતિ

સંકલન : ઈશ્વરભાઈ એમ. શાહ

(પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી)

મૂળ અવિનાશી તત્ત્વ પ્રીતિ છે. જે માનવ માત્રમાં વિદ્યમાન છે. પ્રીતિ તે ઈશ્વર છે. આ પ્રીતિ જ્યારે જડ વસ્તુ જેવી કે શરીર–વસ્તુ–પદાર્થો વિગેરે ઉપર કરો છો ત્યારે ત્યાં કર્તા છે અહમ્. અને અહમ્‌ની પ્રીતિનું નામ છે આસક્તિ.

ચેતન તત્ત્વ સદા પ્રીતિ કરે છે. જ્યારે અહમ્ જડ સદા આસક્તિ કરે છે. ટૂંકમાં 'સ્વ' ઉપર પ્રીતિજ થાય, જ્યારે 'પર' ઉપર આસક્તિ થાય.

પ્રીતિ છે કે આસક્તિ છે તે ખબર કેમ પડે? તો તમારા સિવાય–તમો એટલે આત્મા સિવાય જે જે થાય તે આસક્તિજ હોય છે. પ્રીતિ અને આસક્તિનો બીજો ટેસ્ટ પ્રીતિ સદા વધે અને આસક્તિ સદા ઘટે.

બહેનોને તો અનુભવ છે કે દરેક પતિ પરણ્યાના પહેલા દિવસે જે પ્રીતિ કરતો, તે હતી તો આસક્તિ. કારણ કે પતિ પત્નીના આત્માને પ્રેમ નહોતો કરતો, પરંતુ પત્નીના દેહને કરતો હતો. દેહ 'પર' છે. આ કારણે જેમ જેમ પરણ્યા પછી સમય જાય છે, તેમ તેમ આસક્તિ ઘટે છે. ઘટતાં ઘટતાં ત્યાંસુધી વાત આવે છે કે પત્નીનું મોઢું પણ નથી ગમતું.

ઈશ્વરજ પ્રેમ કરવાનું જાણે છે. ઈશ્વર ગરીબમાં ગરીબ, લંગડી, અંધ, કુબડી, કુરૂપ જોયા સિવાય દરેક પતિ–પત્ની માનવ ઉપર પ્રેમ કરે છે. કોઈ રૂપવાન કુરૂપ બને તો ઈશ્વર તેને ડબલ પ્રેમ કરે છે. અને તેને કુરૂપપણાના દુઃખથી મુક્ત કરે છે.



એક બાળકનો જન્મ થાય છે. ચામડી સફેદ, આંખો મોટી, શરીરના બધાં અંગો ભરાવદાર અને સપ્રમાણ–ટૂંકમાં સુંદરતાનો નમુનો. આ બાળક જીવનની થાપડો ખાતો ખાતો ૮૦ વર્ષના ઉંમરે આવે છે. આંખે મોતીયો, કાને બહેરાશ, પગમાં વા, હાથ-જીભમાં ધ્રુજાવટ. ઈશ્વર તેને બાળક હતો ત્યારે પ્રેમ કરેલ. હવે વૃદ્ધ થયો ત્યારે ડબલ પ્રેમ શરૂ કર્યો. અને આ વૃદ્ધની આવી સ્થિતિ મારો પ્રેમનો ભંડાર પ્રભુ ન જોઇ શકયો. તરતજ આ બેડોળ સ્વરૂપ બંધ કરી, પાછો બાળક બનાવી દીધો. આને તમે મૃત્યુ કહો છો. પણ મૃત્યુ ડબલ પ્રેમ છે. અમર બનનારા તો પાગલ થઇ ગયા છે. લોકો વાતો કરે છે કે નર્મદાકાંઠે અશ્વસ્થામા પાગલ માફક રખડે છે. કોઈ કોઈ રબારી–ભરવાડ પાસે માખણ માગે છે.

અમરત્વ તો ખૂબ ખતરનાક છે. મૃત્યુના ભયથી ભડકનારા અમરત્વ માગે છે. મૃત્યુ પોતે ભયાનક નથી પણ મૃત્યુથી તમારૂં સંગ્રહ કરેલ ઝૂંટવાય જાય છે, તેનું દુઃખ છે.

હવે મૂળ વાત આસક્તિ અને પ્રીતિ ઉપર આવીએ. જીવનનું અધ્યયન કરતાં એ વાત સ્પષ્ટ પ્રતીત થાય છે કે કોઈ પર આસક્તિ તો કોઈ પ્રતિ પ્રેમ. જેનામાં આસક્તિ પ્રતીત થાય છે. તેમાં પ્રવૃત્તિ થાય છે. મારૂતી(કાર)માં આસક્તિ થઇ કે તે મેળવવા પ્રવૃત્તિ શરૂ. મારૂતી 'સ્વ' નથી પરંતુ 'પર' છે. ચેતન નથી, પરંતુ જડ છે. એટલે મારૂતી ઉપર પ્રેમ શકય નથી, આસક્તિજ છે. મારૂતી કદાચ મલશે તો દિવસે દિવસે આસક્તિ ઘટતી જશે. મહિના પછી પત્નીને કહેશે કે આ મારૂતી સાવ નકામી. ફીયાટ લેવી છે, પરંતુ તેની પ્રાપ્તિ થતી નથી. હવે મારૂતીમાં આસક્તિ થાય, સુંદર સ્રીમાં આસક્તિ થાય, કોઇ ફ્લેટમાં આસક્તિ થાય, પણ આ બધું મળે તે શકય નથી. આસક્તિ થાય તે બધુંજ પ્રાપ્ત

થાય તે શક્ય નથી.

હવે જેનામાં પ્રેમ થાય છે તેની પ્રતીતિ નથી. તેમજ તેનામાં પ્રવૃત્તિ પણ નથી. "સ્વ" (પ્રેમ) સિવાય બધા "પર" આસક્તિ ઈશ્વર ઉપર પ્રેમ પણ તે પ્રતીત થતો નથી. પણ પ્રાપ્ત ૧૦૧ ટકા થાય છે. આમાં પ્રવૃત્તિ નથી. જ્યારે આસક્તિની પ્રતીત થાય છે. પ્રવૃત્તિ થાય છે. પણ પ્રાપ્ત થતી નથી.

આ ઉપરથી સાબીત થયું કે જેના ઉપર પ્રેમ થાય છે તે સદા પ્રાપ્ત છે. આસક્તિમાં પ્રાપ્તિ નથી.

હવે વિચાર તે કરવાનો કે પ્રતીતિ કોની થઇ રહી છે ? તો કહેવું પડશે કે ઇંદ્રિયો, મન, બુદ્ધિ દ્વારા જે જાણવામાં આવે છે. એક નિયમ છે કે જે જેનાથી જાણવામાં આવે તેનો તેનાથી જાતીય એકતા તથા ગુણોની ભિન્નતા હોય છે. જે જાણે છે તે જે જાણવામાં આવે છે તેના કરતાં વધુ સૂક્ષ્મ અને વિભુ (મોટું) હોય છે. દાખલા તરીકે આંખ જાણનાર અને દેહ જોવાની વસ્તુ. તમારા બધાના દેહ મારી આંખ જુવે છે. આંખ અને દેહની જાતીય એકતા છે. જ્યારે આંખ અને દેહમાં ગુણોની ભિન્નતા. આંખ પંચભૂત અને દેહ પણ પંચભૂત જાતીય એકતા. જ્યારે આંખનો ગુણ જોવાનો અને દેહનો ગુણ જડ. આમ ગુણોની ભિન્નતા.

આંખ દેહ કરતાં વધુ સૂક્ષ્મ અને વિભુ હોય છે. આંખ જાણનાર, દેહ જોવાની વસ્તુ (વિજ્ઞાન સમજાવું છું.) આ દષ્ટિથી ઇંદ્રિયો દ્વારા જે જાણવામાં આવે છે તેની ઇંદ્રિયો સાથે જાતીય એકતા છે તેમજ તે ઇંદ્રિયોથી સ્થૂળ તથા નાનું છે. પણ જે ઇન્દ્રિયોને જાણે છે તે ઇંદ્રિયો કરતાં વધુ સૂક્ષ્મ તથા વિભુ છે.

ઇંદ્રિયોને જાણે છે મન. મનને જાણે છે બુદ્ધિ. બુદ્ધિને જાણે છે આત્મા. એટલે આત્મા સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને મોટામાં



મોટો છે. જેને વેદાંત બ્રહ્મ કહે છે. હવે આ આત્મા (ચેતન) ને ઇંદ્રિયો-મન-બુદ્ધિ (જડ) સાથે જાતીય એકતા નથી. જડ શબ્દ ખોટો છે, ચેતન અને ચેતન સિવાયના બધા અચેતન. અચેતન પણ ચેતનજ છે. અચેતન એટલે ચેતનની કમી. આ કારણે ઈશ્વર ચેતનમાં તેમજ અચેતનમાં છે કારણ કે બ્રહ્મ છે.

તુલસીનો એક દોહો છે (રામાયણ લખ્યા પછી આ લખ્યો છે):–

તન સુકાય પિંજર કરે, ધરે રૈન દિન ધ્યાન;<br>
તુલસી મીટે ન વાસનાં, બીન વિચારે જ્ઞાન.

શરીરને સુકવી પિંજર બનાવો, રોજ ધ્યાન કરો, છતાં વાસના નથી મટતી. વાસના મટે છે માત્ર જ્ઞાનનો આદર કરવાથી.

પથ્થરમાં ઈશ્વર છે (સૂતો છે.) વનસ્પતિમાં ઈશ્વર છે (ડોલે છે.) પશુમાં ઈશ્વર છે (કૂદે છે.) માનવમાં ઈશ્વર છે (સોચે છે.) શું કરું ?

આખી સૃષ્ટિ, દશ્ય જગત્, ઇંદ્રિયના એક અંશમાં છે. આંખના એક અંશમાં સમસ્ત જગત્ છે. તેમજ ઇંદ્રિયો મનનો એક અંશ છે. મન બુદ્ધિનો એક અંશ છે. પણ બુદ્ધિ ઈશ્વર-ના એક અંશમાં છે. જે બુદ્ધિનો પ્રકાશક છે. હવે તમને કોઇ કહે કે બુદ્ધિનો પ્રકાશક છે તે ઈશ્વર છે. તેનો કેમ સ્વીકાર કરવો ? (જોયો નથી.) બુદ્ધિથી સાબીત થાય છે કે "છે".

બુદ્ધિનો સદુપયોગ તે છે કે મન-ઇંદ્રિયોના જ્ઞાનને ખોટા ઠરાવવાં. બુદ્ધિનો દુરૂપયોગ તે છે કે વાદ-વિવાદ કરવો. જેનું પરિણામ ૦ (શૂન્ય.)

બુદ્ધિ કહે છે કે "છે". આંખ કહે છે કે "નથી", કારણ કે જોયો નથી. તો કહેવું પડશે કે ઇંદ્રિય-મન-બુદ્ધિ

તેમજ સમસ્ત દૃશ્ય પોતે પોતાને પ્રકાશીત નથી કરી શકતા. પણ જે પોતાને તથા પોતાનાથી ભિન્ન બુદ્ધિ-મન-ઇંદ્રિયો તથા સમસ્ત દૃશ્યોને પ્રકાશીત કરી રહેલ છે આ કારણે તે નિત્ય ચિન્મય છે.

ઘી ક્યાં દૂધમાં દેખાય છે ? છતાં બહેનોને દૂધમાં મેળવણ નાખતી વખતે ૧૦૧ ટકા ખાત્રી છે કે દહીં થશે. એટલે રાત્રે જોવા પણ ઉઠતી નથી. અને માખણ પણ છે. અને ૧૦૦ ટકા ઘીની પણ ખાત્રી મેળવણ વખતે જ છે.

આવી દૃઢતા ઈશ્વર છે એટલી કરો. કેવો છે ? ક્યાં છે ? મળશે કે નહિં ? તે ભૂલો. "છે" બસ તો દેખાશે. હોય તે દેખાયજ.

બુદ્ધિ કહે તે બધું માનો છો. માત્ર બુદ્ધિની એકજ વાત નથી માનતા. બુદ્ધિ કહે છે "ઈશ્વર છે." જરૂર મેં જોયો નથી. જોવો મારાથી શકય નથી. કારણ કે મારો બાપ છે. દીકરો બાપને કેમ જોઇ શકે ? "છે" તો માનો. પતિ સાડી ન લાવી આપે તો તરતજ બુદ્ધિનું માને કે (બુદ્ધિ કહે કે) દીકરાની વહુ આવી તને સાડી હવે નહિ લાવી આપે. હવે પ્રેમ નથી. તો તરતજ બુદ્ધિનું માની લઇ, પતિ સાથે ઝગડો. અને બુદ્ધિ કહે છે કે "ઈશ્વર છે" એ માનવામાં શું કઠીનાઇ નડે છે ?

સૃષ્ટિની કોઇ એક વસ્તુની ગણના શકય નથી. (માનવ-ઉંદર-ઝાડ દરેક કેટલા છે.) કોઈ નહિ કહી શકે કે આટલી સંખ્યા છે. તેમજ આટલી સીમા છે. જેમ કોઇ બીજ જોઇ નહિ શકે કે તેમાં કેટલાં વૃક્ષ છે. (એક વડનો ટેટો જોઈ મોટામાં મોટો વિજ્ઞાનિક નહિ કહી શકે કે આમાં કેટલા વડ છે.) ટૂંકામાં સમષ્ટ સૃષ્ટિની ગણના તેમજ સીમા કોઈ ન કહી શકે. હવે જ્યારે સૃષ્ટિની ગણના તેમજ સીમા નથી થઈ શકતી તો



તેનાથી સૂક્ષ્મ જે ઇંદ્રિય-મન અને બુદ્ધિ છે. તેની ગણના તથા સીમા કઇ રીતે થઈ શકે ? તો પછી આ બધાના પ્રકાશક-ની તો વાતજ ક્યાં રહી ? ટૂંકમાં જે બુદ્ધિથી પર (અતીત) છે ને અનંત છે. (અનંત શબ્દ મૂકી વાત બંધ કરી. અનંત ઇશ્વરનું એક નામ છે.)

હવે બુદ્ધિ અને બુદ્ધિના પ્રકાશક વચ્ચે કોઈનું સ્વતંત્ર અસ્તિત્વ દેખાતું નથી. (એટલું કહી શકાય કે જેનામાં ઈશ્વર (સ્વ) પ્રત્યે પ્રીતિ છે. તેવું વચમાં છે. બુદ્ધિ અને ઈશ્વર વચ્ચે ભાસ થાય છે.) વળી આ દૃશ્ય નથી. તેમજ દૃશ્યનો પ્રકાશક પણ નથી. તો આ છે પ્રીતિ અને આસક્તિનો સમૂહ પુંજ. હવે ખરેખર જોતાં આસક્તિ કાળમાં પ્રીતિનાં દર્શન થતાં નથી. આસક્તિ હોય ત્યારે પ્રીતિ કાકી ગેરહાજર. પ્રીતિ કાકી હોય ત્યારે આસક્તિ ભત્રીજી ગેરહાજર. આ કારણે આને પ્રીતિ તથા આસક્તિનો સમૂહ કહેવા યોગ્ય નથી. એટલું જરૂર જણાય છે કે દૃશ્ય તરફ ગતિશીલ થતાં આસક્તિ દેખાય છે. અને દૃશ્યથી વિમુખ થતાં પ્રીતિ દેખાય છે.

આસકિત ભત્રીજીઃ-શરીર, ટી.વી., મોટર, સાડી વિગેરે.

પ્રીતિ કાકીઃ- શરીર,ટી.વી., મોટર, સાડીથી મોઢું ફેરવી લ્યો.

હવે કઇ તરફ મોઢું રાખવું તે તમે જાણો. આસક્તિ તરફ મોઢું તો મળશે પ્રવૃત્તિ-જડતા-શક્તિહીનતા, વસ્તુની અપ્રાપ્તિ વગેરે દુઃખ, શોક. પ્રીતિ તરફ મોઢું ફેરવશો તો વિશ્રામ, બધી વસ્તુ તમારી-આનંદ-આનંદ-આનંદ. પ્રેમ તો એક મીરાં જાણે, બીજી વૃન્દ્રાવનની રાધા જાણે. તમે તો આસક્તિમાં નિષ્ણાત નં. ૧ છો. પાછા ખોટા કેવા કે આસકિતને નામ દે પ્રેમ.

ટૂંકામાં પતિ પત્નીને પ્રેમ કરે તે શકય જ નથી, માટે સેવા કરે. બનાવટ છોડો. પત્ની પતિને પ્રેમ કરે તે શકય જ

નથી, માટે પતિની સેવા કરે. સેવા આસક્તિને ખાઇ જશે.

ટૂંકામાં આ આસકિત તથા પ્રીતિના દ્વંદ્વોનું નિરાકરણ કરવું તે જીવનનો ઉદ્દેશ છે. ઇશ્વરની પૂરતી ત્યારેજ શકય છે કે આસકિત મટી પ્રીતિથી અભિન્ન બની જાય. તમે કહેશો કે પ્રીતિ આસકિતથી અભિન્ન કેમ નહિ? તો કહેવું પડશે કે તે સંભવ નથી. કારણ કે આસકિતને સંબંધ દૃશ્ય-થી છે. જેનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. જ્યારે પ્રીતિનો સંબંધ 'સ્વ' થી છે. 'સ્વ' નિત્ય સ્વતંત્ર સત્તા છે. આ કારણે પ્રીતિ આસકિતમાં વિલીન ન થઈ શકે. પણ આસકિત પ્રીતિમાં વિલીન થઇ શકે. આ દૃષ્ટિએ આસકિતની નિવૃત્તિ તેમજ પ્રીતિની જાગૃતિ વાસ્તવિક સાધના છે.

આસકિત પરાધીનતા તેમજ જડતામાં આબદ્ધ કરે છે. જ્યારે પ્રીતિ સ્વાધીનતા તેમજ ચિન્મય જીવન તરફ ગતિ-શીલ કરે છે. પરાધીનતા તેમજ જડતામાં આબદ્ધ રહેવું કોઇને પસંદ નથી. જ્યારે સ્વાધીનતા, દિવ્યતા, ચિન્મયતા (સ્વભાવથી) પ્રિય છે. સ્વાભાવિક પ્રિયતાની જાગૃતિ આ-સકિતનો અંત કરવામાં સમર્થ છે.

પરતંત્રતાની વેદના જેમ જેમ સહન થાય છે, તેમ તેમ અનંતની દિવ્ય પ્રીતિ અભિન્ન કરવામાં સમર્થ છે. પરાધીનતા-નેજ જીવન માની લેવાથી આસકિત પુષ્ટ થાય છે. પરાધીનતા-ની વેદના જાગૃત થવાથી આસકિત મટે છે. અને પ્રીતિ સાથે સંબંધ બને છે.

આસકિત અહમ્ ભાવને પુષ્ટ કરે છે. જ્યારે પ્રીતિ અહમ્ ભાવને પોતાનામાં વિલીન કરે છે. કારણ કે પ્રીતિ અને પ્રીતિના કર્તામાં વિભાજન શકય નથી. પ્રીતિ જેની છે તેને રસપ્રદાન કરે છે. જ્યારે આસકિત જેમાં હોય તેનાથી સુખ-



ની આશા કરે છે. આ દૃષ્ટિથી પ્રીતિ દાતા અને આસકિત ભિખારી બનાવે છે.

ટૂંકામાં પ્રીતિ સ્વાધીન અને આસકિત પરાધીન કરાવે છે. આસકિત એવી નહિ હોય કે જેનાથી અરૂચિ નહિ કરાવે. જ્યારે પ્રીતિ નિત નવરસ જાગૃત કરે છે. જેમાં કદી અરૂચિ થતી નથી. કારણ પ્રીતિ અનંત, નિત્ય, ચિન્મય છે. જ્યારે આસકિત અનિત્ય, જડ અને સીમિત છે.

આસકિતની નિવૃત્તિ થાય છે. જ્યારે પ્રીતિની નિત્ય નવ વૃદ્ધિજ થાય છે. કારણ કે પ્રીતિ અનંતનો સ્વભાવ છે. જ્યારે આસકિત પ્રમાદનું પરિણામ છે. પ્રમાદ રહિત થતાંજ આસકિત મટે છે. તો હવે પ્રશ્ન તે છે કે પ્રમાદની નિવૃત્તિ કેમ થાય?

પ્રમાદને પ્રમાદ જાણી લેવાથી તેની નિવૃત્તિ થાય છે. દાખલા તરીકે "યહ" ને "મૈં" માની લેવો વાસ્તવમાં પ્રમાદ છે. "યહ" મૈં નથી. તેમ જાણતાં પ્રમાદ મટે છે. "યહ" દૃશ્ય પદાર્થ–શરીરથી માંડી આખું જગત. "યહ" એટલે આ. (તમે કહો છો આ હાથ).

હિંદી "મૈં" એટલે હું "યહ" અર્થ છે કે જે પોતે પોતાને પ્રકાશિત ન કરે. આ દૃષ્ટિથી સમષ્ટ દૃશ્ય–ઈંદ્રિય, મન, બુદ્ધિ બધા "યહ" છે. જે પોતાને બુદ્ધિ વગેરેથી વિમુખ કરી લે છે, તેનો પ્રમાદ તરત મટી જાય છે. પ્રમાદ મટતાં અહમ્ ભાવ અનંતથી પ્રીતિ બને છે. તે પછી પ્રીતિ અને પ્રીતમ સિવાય કોઈ રહેતું નથી. આ દૃષ્ટિથી આસકિતની નિવૃત્તિ તેમજ પ્રીતિની જાગૃતિજ વાસ્તવિક જીવન છે, વાસ્ત-વિક જીવન તે પ્રેમ છે. જ્યારે દેહ વિગેરેને હું માનવો તે પ્રમાદ છે.

# રામકથા

( ગતાંકથી ચાલુ )

યોગેશ્વરજી

[ યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

રામ એની દુઃખદ દશાને જોઇને પીગળી ગયા ને એને સાત્વન આપતા બોલ્યા : તારું અંતર અતિશય લાગણી પ્રધાન બની ગયું છે. લાગણી પ્રધાન બને એમાં એનો કશો દોષ પણ નથી. પરંતુ હવે વધારે ચિંતા ના કરતી હું તને વધારે દુઃખી નહી કરું તારી ઇચ્છાની વિરુદ્ધ જઇને તને અહીં રાખવાની ઇચ્છા હું નથી રાખતો, તારે મારી સાથે વનમાં આવવું હોય તો તું ખુશીથી આવી શકે છે.'

રામના શબ્દો સીતાને માટે શાંતિદાયક અને શક્તિ સંચારક સાબિત થયા.

એના મુખમંડળ પર આનંદનું ઇન્દ્રધનુ ખીલી ઉઠયું શોક હર્ષમાં પલટાઇ ગયો ને દુઃખ સુખમાં પલટાયું.

માનવજીવન એવું જ પરિવર્તનશીલ છે ને ? પરિસ્થિતિ એના પર પોતાની અલગ અલગ અસર પહોંચાડ્યાં કરે છે સંજોગોને વશ થઇને પ્રકૃતિ એના પર અનાદિકાળથી આટાપાટાની રમત રમ્યા કરે છે. સીતાને પોતાની પ્રાણની પરિતૃપ્તિ તથા પ્રસન્નતાને બોલી બતાવવાની જરૂર નહોતી. એની આનંદથી ચમકતી આંખ એ મુખાકૃતિ ઘણું ઘણું બોલી રહી હતી. રામ એ ગૂઢ અને અને અગમ્ય બોલીને સારી પેઠે સમજી શકયા. સીતાના સ્નેહનો વિચાર કરતાં એ પણ દૂખી થયા, પુલકિત થયા ને મુંગા રહ્યા.

રામના વનવાસના સમાચારે અયોધ્યાવાસીઓને વ્યથિત કરી દીધાં.

મહર્ષિ વસિષ્ઠનો બધોયે ઉત્સાહ એ સાંભળીને ઓસરી ગયો. પહેલાં તો એ સમાચારને સાચા માનવા મન એમને ના થયું. પરંતુ



મહામંત્રી સુમંત્રની પાસેથી સમગ્ર હકીકત સાંભળીને એ વિષાદમાં ડૂબી ગયા.

માતા કૌશલ્યા અને સુમિત્રાને એ સમાચાર કયારનાય પહોંચી ચૂકયા હતા.

એ સાંભળી એમનો આનંદ પણ ઉડી ગયો.

એમાંયે જ્યારે કૌશલ્યાને ખબર પડી કે રામની સાથે સીતા પણ વનમાં જવા તૈયાર થઈ છે, ત્યારે તો એના વિષાદનો પાર ના રહ્યો.

રામ અને સીતાને જોઈને એની વેદના વધી ગઈ, સુમિત્રા પણ ઘોર, અસહ્ય વેદનાનો અનુભવ કરવા લાગી. પરંતુ બીજો કોઈ ઉપાય ના દેખાયો.

રાજાના વચન પાલનની વાતે એમને ભારે વિમાસણમાં મૂકી દીધાં. બંનેએ સીતાને સમજાવવાનો ભરચક પ્રયાસ કરી જોયો. પરંતુ સીતા ના માની ત્યારે દુરાગ્રહ કરવાનો પડતો મૂકીને એમણે એને આશીર્વાદ આપ્યા.

સીતાએ એ આશીર્વાદને ભારે વિનમ્રતા, સરળતા ને શાંતિ સાથે માથે ચઢાવ્યા.

## ઉર્મિલાની અનુમતિ

રામ અને સીતાના વનગમનની વાત લક્ષ્મણને જરા પણ ન રુચી. એનું હૃદય એથી વલોવાઈ ગયું. એને કૈકેયીની કઠોરતા વારંવાર યાદ આવવા લાગી.

રામને ભયંકર અન્યાય થયો છે. એ હકીકત એનાથી ના ભૂલી શકાઈ. અયોધ્યાનો રાજવૈભવ એને નિરસ ને ફિક્કો લાગવા માંડ્યો. રામવિનાના અયોધ્યાની કલ્પના પણ કરવાનો સમય પાસે આવ્યો અને એને લીધે એનું હૈયું ધ્રુજી ઉઠયું.

રામ તો વનમાં જવા તૈયાર થઈ ગયા છે. એ જો કૈકેયીનાં વચનનો જરાપણ વિરોધ કરત તો પોતે એમને સર્વ પ્રકારે સાથ આપત. પોતે એમને વનમાં જવા દેત. પરંતુ હવે તો બીજું શું થાય ? વાત ઘણી આગળ વધી ગઈ. હવે તો આ સંજોગોમાં શું કરવું ઉત્તમ છે એજ વિચારવું અને એ વિચારીને એ પ્રમાણે વર્તવું રહ્યું. લક્ષ્મણ વીર હોવા છતાં કરુણતાનો અનુભવ કરવા માંડ્યો. એની આંખ ભરાઇ આવી. એને થયું કે વિધાતાએ આટલા માટે જ, આવું અસહ્ય દુઃખ નાખવા માટે જ રામને જનકનંદિની સીતાના સ્વયંવરમાં વિજય અપાવ્યો ? રામનું સીતા સાથે લગ્ન થવાનું છે એ સાંભળીને મહારાજા દશરથને કેટલો બધો ઉલ્લાસ થયેલો ? એ ઉલ્લાસ શું આ ભવિષ્યમાં આવી પડનારા અસહ્ય ઘોર દુઃખની પૂર્વભૂમિકારૂપે હતો ? એની આંખમાંથી બે ચાર અશ્રુબિંદુ ટપકી પડ્યાં. વિષાદમગ્ન વદન લઇને એ ઉર્મિલા પાસે આવી પહોંચ્યો ત્યારે ઉર્મિલા પોતાના નિત્ય કર્મમાંથી પરવારીને બેઠી હતી.

લક્ષ્મણના અશ્રુમઢ્યા મ્લાન મુખને જોઇને એ ડઘાઈ ગઇ ને બોલી : 'આ શું ? તમારું મુખ આટલું બધું વેદના ભરેલું અને ઉદાસ કેમ છે ? તમારી આંખમાં આંસુ જોઇને થાય છે કે તમારું હૃદય રડી રહ્યું છે.'

'હા. મારું હૃદય રડી રહ્યું છે. એ રડે નહિ તો શું કરે ? એને માટે રડવાનું જ થયું છે ને બાકી રહ્યું છે.' લક્ષ્મણે ઉત્તર આપ્યો.

'એવો વળી કેવોક પ્રસંગ બની ગયો કે તમે આવા વિષાદ દુઃખમાં ડૂબી ગયા છો ? તમારાં વચનો પરથી કશુંક અમંગલ બની ગયું છે એ સ્પષ્ટ છે.'

(ક્રમશઃ)


અમર્યાદ પરિગ્રહ, સૂક્ષ્મ વેરભાવ, ઝનૂની રાષ્ટ્રવાદ નિર્દય શોષણ અને સાંકડી ધાર્મિકતા લાંબે ગાળે યુદ્ધને જન્મ આપે છે, યુદ્ધ આખરે શું છે ? માણસમાં રહેલી નાની મોટી હિંસા, બર્બરતા અને અસૂયાનો ભૂંડો આવિર્ભાવ એટલે યુદ્ધ. અહિંસા ( Non-Violence ) એ માત્ર અહત્યા (Non -Killing) નથી. આજની તણાવયુક્ત, સ્ફોટક પરિસ્થિતિમાં અહિંસા એક મૂલ્ય તરીકે સ્વીકારાય એ ખૂબ જરૂરી બન્યું છે.

—ડૉ. ગુણવંત શાહ

Telegram : INDEQUIPCO
Telephone : 343/94-95

*For your requirement of the following items please contact*

**INDEQUIP LIMITED**

Raid Road, AHMEDABAD-380 002

Lubricants, Chemicals, Mill Stores and Machinery, Solvents, Caustic Soda, Soda Ash, Soda Bicarb, Calcium Chloride, Amonia Bicarb, Teepol B-300, Pickers, Picking Banbs, Buffers, Glue, etc.

: Office at .

Bombay-Indore-Calcutta-Delhi-Amritsar.

ADHYATMA Regd. No. GBV 113

# સનાતન એવું શું મેળવ્યું ?

સૃષ્ટિની સફરમાં સામેલ થઇને સનાતન એવું શું મેળવ્યું, ઓ મુસાફર ! સનાતન એવું શું મેળવ્યું ?

તેં જે મેળવ્યું છે તે બધું સનાતન નથી.

ધન, ઘર, વૈભવ, સ્ત્રી, સંતાન.

એ બધું સ્થાયી નથી, અસ્થાયી છે, ક્ષણભંગુર છે. પાણીના પરપોટાની પેઠે પરિવર્તનશીલ છે.

તું જ્યારે આ વિશ્રામ સ્થાનમાંથી વિદાય થઇશ, આ સફરને છોડીને બીજે જઇશ ત્યારે, શું લઇ જઇશ તે જાણે છે ?

આમાંથી કશુંજ તારી સાથે નથી આવવાનું. એટલા માટે એવા પદાર્થની પ્રાપ્તિને માટે પુરુષાર્થ કર–જે સનાતન હોય, સદાને સારૂ તારી સાથે હોય.

જેને જોઇને તું કહી શકે-હિમ્મતપૂર્વક કહી શકે કે સૃષ્ટિની સફરમાં સામેલ થઇને તેં સનાતન એવું કશુંક મેળવ્યું-સદાને સારૂં સાથે રહે એવું કશુંક મેળવ્યું !

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧